સંગીત. **રાજા ભરથરી** સચીત્ર.



તીર [illegible] નયનના [illegible]થી [illegible] તમ

પ્રેમ [illegible] અમે [illegible]

મુલ્ય માત્ર આના આઠ.

શ્રી ગણેશાયનમઃ ॐ શ્રી સરસ્વત્યૈ નમઃ

આ

માલવપતિ–યોગેન્દ્ર.

રાજા ભરથરી.

યાને

कामान्धो नैव पश्यति ।

પ્રયોજકઃ—

"પુષ્પ."

બહ્મી ગમનલાલ હીરાલાલ.

પ્રકાશકઃ—

હરીલાલ એન્ડ પ્રાણલાલ બુકસેલર્સ.

"નવજીવન" પુસ્તકાલય.

તારઓફીસ સામે–સુરત.

પ્રથમાવૃત્તિ સંવત્ ૧૯૮૦ પ્રત ૨૦૦૦

મૂલ્ય રૂ. ૦–૮–૦

મહાત્મા કબીર સાહેબના નામથી કોણ
અજાણ્યું છે ? તેમની રચેલી

શ્રી કબીર કૃષ્ણ ગીતા

ઔર

શ્રી કબીર ભજનામૃત વૃષ્ટિ.

આજેજ મંગાવી લ્યો, પૃષ્ટ સંખ્યા ૩૦૦ ગ્લેઝ કાગળ બોર્ડ
પટ્ટીનું મજબુત પુઠું વી. પી. પોષ્ટેજ સાથે રૂપીઓ એક.

ફલગી તુર્રાના શોખીનો માટે

ખ્યાલસાગર ભાગ ૧-૨ દરેક ભાગના ચાર આના
પૃષ્ઠ ૧૫૦

સુરત લીમડાચોકમાં આવેલા બાઇ ધનકોરના "દેશી મિત્ર" પ્રેસમાં
નાથુભાઇ દેવચંદે છાપી.

— સસ્નેહ સમર્પણ —

વ્હાલા સ્નેહીઃ-

ભાઈ કાન્તિલાલ નગીનદાસ શ્રોફ.

ત્હારી સાથે સ્નેહ બાંધ્યાને આજે સાત વર્ષ ઉપર થયાં છે. મ્હારી હૃદયવાડીમાં જે જે અંકુરો અનાયાસે ફૂટતા હતા, તેને જળસિંચન કરવામાં ત્હેં કંઈ બાકી રાખ્યું નથી. આજે એ ઉદ્યાન નવલ ધવલ ક્યારીઓથી સુશોભિત થઈ રહ્યું છે. એના ઉપર રંગબેરંગી પુષ્પો પ્રફુલ્યાં છે. પરિમલનો ખરો ભોક્તા—હકદાર માળીજ હોય ! આજે હું યે એમાંથી મને મનગમતા ફૂલો ચૂંટી પ્રેમતંતુમાં પરોવી એક હાર ગુંથી લાવ્યો છું. જેને સહર્ષ ગ્રીવામાં સ્થાન આપી સદા સર્વદા સુંઘતો રે'જે. જોજે—સંભાળજે—સાચવજે રખે ભૂલથી આ સ્નેહ—સુરભી સમીરના સુસવાટામાંજ ઉડી જાય ! મિત્ર—ઋણમાંથી અલ્પાંશે પણ મૂક્ત થવાનો આજે પ્રસંગ મળ્યો, જે માટે જગત્નિયંતાને વંદન હો ! હૃદયાંકીત રાખજે સદૈવ આ સ્નેહીના સંભારણાં !

ના'રોજ

—સહાધ્યાયી સ્નેહી—

" બહામી "

બે બોલ.

માતા ગુર્જરીને ચરણે મ્હારી આ તૃતીય તુચ્છ ભેટ છે. પ્રથમ નાટક રૂપે "**દિવ્ય-યોગિની**" દ્વિતીય "**જળસમાધિ વા દેવી શારદા.**" પ્રકાશક મહાશયના સખ્ત દબાણે કરીને મ્હારે આ કાવ્યની ધુંસરી માથે વહન કરવી પડી. જો કે મ્હારો ઉદ્દેશ સાહિત્ય-સેવાનો હોઇ સ્હેજ ઉચ્ચ શૈલીમાં અને વિસ્તારપૂર્વક આ કાવ્ય લખવાનો હતો, છતાં સાધારણ ગુજરાતી જાણતો. સામાન્ય વર્ગ પણ આ પ્રચલિત કથા વાંચી, સમજી, લાભ લઇ શકે એવી પ્રકાશકની ઇચ્છાને માન્ય રાખી જેમ બને તેમ સરલ ને સાદી ભાષામાં લખવા હું પ્રેરાયો છું. કારણ મ્હારૂં પણ એવું માનવું છે કે હિન્દને આ વેળા સાક્ષરી સાહિત્ય નહિ પરન્તુ પ્રેમાનન્દ સમાન સાદા, સાહિત્યની જરૂર છે.

સાદી ભાષા, સાદી કડી, સાદી વાત વિવેક,
સાદામાં શિક્ષા કથે તેજ કવિજન એક.

ઉપરોક્ત ઉક્તિ અક્ષરશઃ સત્ય છે. અસ્તુ! અને એ સર્વ સૂચનાઓ ધ્યાનમાં લઇનેજ મ્હેં ટુંકું ને મુદ્દાસર કાવ્ય યોજ્યું છે. જેટલો ભાગ મ્હેં અન્ય ઉચ્ચ શૈલીમાં યોજેલા માલવપતિ **ભર્તૃહરિમાં** વધુ લીધો છે, ને આમાંથી ઓછો કર્યો છે, તેની અત્રે કંઇક આવશ્યક્તા જણાવાથી લખું છું. **રાજા ભરથરી** એ નામ પણ સરળ સાદું અને સામાન્ય વર્ગમાં પ્રચલિત હોવાથીજ યોજ્યું છે. સત્ય અભિધાન તો શ્રી રાજર્ષી ભર્તૃહરિ છે.

પૂર્વ—વૃત્તાન્ત.

ઉમાપતિ શંકર ભગવાન કે જે ભોળા મ્હાદેવને નામે જગતમાં જાણીતા છે. એમના અલૌકિક એવા કૈલાસ ધામમાં નૃત્યકળા સંગીત આદિ માટે સ્વર્ગની અપ્સરાઓ આવતી હતી. સ્વયં ગૌરીપતિને પણ તાંડવ નામક નૃત્યનો શોખ હતો. એક સમયે કોઇ એક અપ્સરા ઇંદ્રભવનથી નિકળી કૈલાસ પ્રતિ પગલાં ભરી રહી હતી, એવામાં મધ્ય વાટે ઇંદ્રના સુત સાથે તેનો અચાનક ભેટો થયો. ઇંદ્રતનુ અપ્સરા જોઇને નિજ દેહભાન ભૂલી ગયો. અને તેની સાથે તેણે ભોગવિલાસ કર્યો. આમ અધવચ રોકાયાથી અપ્સરાને કૈલાસમાં જતાં નિત્યનિયમ કરતાં તે દિને મોડું થયું. શિવજી ક્રોધે ભરાયા, ને કારણ પૂછતાં અપ્સરાએ અથથી માંડી ઇતિ પર્યંત સવિસ્તર ઘટના નિવેદન કરી. પાર્વતીપતિ ઇંદ્રતનુનો આ અપરાધ ને નિન્દ્ય વર્તન જોઇ ખિજાયા. અને તત્કાળ તેમણે શાપ દીધો કે:-"જાવ એ ગર્દભ થઇને સંસારમાં જીવન ગાળો." સ્વર્ગાધિપતિ ઇંદ્ર કે જે આ સમયે કૈલાસમાં હતો, તે શિવજીને પોતાના પુત્રની ભૂલને માટેના શાપનો અનુગ્રહ કરવા કરગર્યો, અને કહ્યું કે "હે! પ્રભો! એમાં એ નાદાન બાળકનો દોષ નથી, પરન્તુ વાંક જુઓ તો ભલભલાને ભ્રષ્ટ કરનાર મન્મથનો છે." શિવ શાન્ત થયા. અને કહ્યું કે "જો સંસારમાં ગર્દભદેહે રહ્યા છતાંએ પણ એ સત્કર્મ કરશે, ને હમેશ મ્હને સંભારશે તો થોડા સમયમાં પુનઃ પાછો પૂર્વ સ્થિતિમાં આવશે." શાપાનુસાર ઇંદ્ર-તનય અવનિતલ ઉપર એક કુંભારને ત્યાં ગધેડો થઇ પડયો. તે હરહંમેશ રાત્રે નરદેહ ધારણ કરતો, અને દિવસે ગર્દભ-દેહમાં રે'તો. એક સમયે રાત્રીએ કુંભાર ઓચિંતો "મ્હારે પરણવું છે."

એ શબ્દ સાંભળીને ઉઠયો. તપાસ કરતાં ગધેડાની જગ્યાએ માનવદેહને આ શબ્દો પોકારતો જોઇ તે આશ્ચર્ય પામ્યો. ઇંદ્રસુતે ગભરાયલા કુંભારને પોતાની કર્મકથા કહી, "શું કરવું" તે સૂચવ્યું. બીજેજ દિને કુંભારે પોતાના ગધેડા સાથે તે નગરના રાજાને તેની ત્રણે રાજકુંવરીઓ પરણાવવા કહ્યું. રાજાને કુંભારની વાતમાં વિશ્વાસ ન આવ્યો. અને જો એ સાચોજ ઇંદ્ર-કુંવર હોય તો મ્હારા નગરનો કોટ કાંચનનો કરે, એમ કહ્યું. કુંભારે રાત્રે નરદેહધારી ઇંદ્રસુતને આ પ્રમાણે કહ્યું, જેના પ્રત્યુત્તરમાં ઇંદ્રસુતે પાઠવ્યું કે..."રાજાને જઇને કે'જે કે તા'રો એક અનુચર કોટની આસપાસ ફરી આવતાંજ તારી ધારણા ફળીભૂત થશે." પરંતુ જો તે અધવચ પાછું ફરી જોશે, તો કોટ તમામ ત્રાંબાનો થઇ જશે." બીજે દિને ભરી સભામાં કુંભારે રાજાને રાત્રિની વાત કહી. રાજાજ્ઞાથી એક અનુચર કોટની આસપાસ ફરવા ગયો. પરન્તુ અડધે ફર્યા બાદ "શું થયો હશે ?" એ જોવા તેણે સ્હેજ પાછું જોયું, ને કોટ ત્રાંબાનો થઇ ગયો. ત્યારથી તે નગ્રનું નામ તામ્રવતી ઉર્ફે ત્રાંબાવતી પડયું. જે આજે ખંભાત કે'વાય છે. પોતાની ત્રણે પુત્રીઓને રાજાએ ગર્દભ સાથે પરણાવી અને જતે દિવસે પુત્રીઓને ગર્ભ રહ્યા. એક રાત્રે પોતાની ગર્દભ-દેહ ઘોડારમાં છોડી નરદેહધારી ઇંદ્રસુત ત્રણે સ્ત્રી સાથે વિલાસ કરતો હતો. તે અરસામાં લાગ જોઇ રાજાએ એ ખોળીયું ફુંકી મુકયું. એને એમ થયું જે એ ખોખું બાળી નાખ્યા બાદ એને પુનઃ પ્રવેશવાનું નહિ મળે, અને પછી હરહમેશને માટે નર-દેહમાંજ રહી પોતાની પુત્રીઓ સાથે રાજયપાટ ભોગવે. પરન્તુ "વિનાશકાળે વિપરિત બુદ્ધિ." અનુસાર શાપિત ઇંદ્રતનુ પણ ગર્દભ

દેહનું ખોળું સળગતાંજ સળગી જઇ પોતાની પૂર્વાવસ્થા પામી શાપ મુકત થયો, અને નગ્ર આખુંએ પ્રજળી ગયું. કેવળ જીવ બચાવવા રાજાની ત્રણે ગર્ભવતી પુત્રીઓ ન્હાસી ગઇ. જ્યાં તેમને અનુક્રમે **વિક્રમ–ભટી–ભતૃહરિ** એમ ત્રણ પુત્રો થયા. માતાઓનો વૈકુંઠવાસ થતાં તે ત્રણે યોગીઓના આશ્રમે ઉછરી મોટા થયા. અને તેમાંથી પછી ભાગ્યયોગે ભતૃહરિ માળવાનો ધણી થયો. આ માલવપતિ ભતૃહરિને ત્રણસોને સાઠ નારી હતી. જેમાં પિંગળા સૌથી અધિક વ્હાલી, માનીતી ને પટ્ટરાણી હતી. એ'વું બન્યું કે એક વેળા ભતૃહરિની ગેરહાજરીમાં તેણે વિક્રમ પાસે પ્રેમ–યાચના કરી. પરન્તુ વિક્રમે તેને સદ્બોધ દઇ સમજાવી દીધી. હતાશ રાણીએ ઢોંગથી માંડી તો વાળ્યું, પરન્તુ દીલમાં અપમાનનો ડંખ લાગી ગયો. દુર્બોધા નામની દાસીએ રાણીને આગળ જતાં અધમ એવા અશ્વપાલ સાથે કૂપંથમાં ઉતારી. વિલાસી ભતૃહરિએ રાજ્યપાટ વિક્રમને સોંપ્યાં અને પોતે ચોવીસે કલાક પિંગળાના અંતઃપુરમાંજ પડ્યો પાથર્યો રે'વા લાગ્યો. થયું એમ કે એક વેળા રાણીના યાર અશ્વપાલને વિક્રમે કંઇ ભૂલને માટે માર માર્યો. તેને માટે તેણે રાણીના કાન ભંભેર્યા. મૂળે રાણી પિંગલા વિક્રમ પર કીધેલા અપમાનનું વેર વાળવા મથતી હતી, તેમાં આ બનાવે અગ્નિમાં ઘૃતાહૂતિની ગરજ સારી. વિક્રમે પોતાના પર બળાત્કાર કર્યો છે એવું પ્રેમાંધ ભરથરીને ભેરવી નિર્દોષ વિક્રમને દેશનિકાલ કરાવ્યો. એક વેળા કોઇ એક બ્રાહ્મણે રાજાને અમરફળ લાવી સભામાં આપ્યું. યોગી મહાત્માની આ પ્રસાદી આરોગી અમર થવા રાજાએ વ્હાલી પિંગળાને આપ્યું. પિંગળાએ હલકા એવા પ્રેમી અશ્વપાલને આપ્યું, ને અશ્વપાલે પોતાની ગુપ્ત

એવી વેશ્યા કલાવતીને આપ્યું. વેશ્યાને વિચાર થયો કે આ અમરફળ ખાઇને મા'રે સદાને માટે આવો નીચ ધંધો કરવો એથી તો રૂડું આ નગરના પ્રજાપાલક ભૂપતિને ભેટ ધરવું. વારાંગનાએ ફરીથી લાવી રાજાને આપ્યું. રાજા વ્હેમાયો. ને છેવટે પિંગળાના ભેદનો મર્મ ખુલી ગયો. પાપનો ઘડો ફુટતાંજ અશ્વપાલને શહેરબ્હાર કા'ડવામાં આવ્યો. ને પ્રેમાંધ એવા રાજાને સંસાર અસાર છે, એનું ભાન થયું. કે'વાય છે કે પિંગળામાં મુગ્ધ એવા રાજાએ પોતાની યુવાનીમાંજ શૃંગાર–શતક રચ્યો હોવો જોઇએ. રાજાને આ પછી રાજપાટ પર વિરાગ આવ્યો. ને તે જોગી થઇ ગયો. આ સમયે તેણે વૈરાગ્યશતક રચ્યો. ગુરૂ ગોરખનાથની દીક્ષા લઇ એ જીવનભર રાજયોગી રહ્યો. કે'વાય છે કે અમરફળ એ ખાઇ ગયો હતો જેથી હજુ એ જીવે છે. રાણી પિંગળા પણ આ પછી સુધરી ગઇ. અને અવશેષ જીવન એણે પ્રભુ–ભક્તિમાં પસાર કર્યું. માળવાની ગાદી ભાઇની ઇચ્છાથી પછી વિક્રમે ભોગવી.

દંત–કથા.

એક વસ્તુ ઉપર પ્રમાણે છે. તો દ્વિતીય દંતકથા આમ પણ છે. ભતૃહરિ પિંગળામાં બહુ આશકત હતો. એક વેળા તેણે પિંગળા પોતાને સાચા હૃદયથી ચ્હાય છે કે નહિ તે જોવા શિકારેથી પોતાના અનુચર સાથે લોહીવાળાં કપડાંની નિશાની આપી અમંગળ સમાચાર કા'વ્યા, "કે રાજનને જંગલમાં સિંહે ફાડી ખાધા." આ શબ્દો સાંભળતાંજ "હા પ્રાણનાથ!" કરતાં પિંગળા પડી. અને તત્કાળ તેનો પ્રાણ છૂટી ગયો.

(સરખાવો-ગીત ગોવિંદના કવિ જયદેવની પત્નીનો પ્રસંગ.) પાછળથી ભતૃહરિને આ વાતની ખબર પડતાંજ અસહ્ય આઘાત ન જીરવાવાથી તે રાજ ત્યાગી યોગી થઇ ગયો.

સત્યાંશ આમાં ને કેટલું હશે ? તેતો હરિ જાણે, પરન્તુ પ્રસ્તુત વસ્તુ શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળીના કવિશ્રી વાઘજીભાઇ રચિત રાજા ભરથરીમાંથીજ લીધી છે. જો કે પિંગળા એ શાપિત દેવી હતી. એ બધું કે'વાય છે, તે ઠીક છે. પરન્તુ ભતૃહરિ વિરચિત શૃંગારશતકને વૈરાગ્યશતક જોતાં તો પ્રથમનીજ વસ્તુને વધુ પુષ્ટી મળે છે. અંતે કે'વાનું એજ કે:—

પિંગળ વિણ પદબંધ છે. હૃદયતણા ઉદ્‌ગાર.
સમજુ શોધે સત્વને, શોધે ભૂલ ગમાર.

હું કંઇ કવિ કે મ્હોટો લેખક નથી છતાં મ્હેં જે કંઇ આ લેખ્યું છે તેને માટે હું જવાબદાર છું. કવિઓને કદાચ કંઇ છંદ-માત્રામાં ભૂલ લાગે તો તેમણે અપદ્યાગદ્ય ગણી લેવું. હૃદયમાં આવા ભાવો ભરનાર ભગવાનને! તો હું ભૂલુંજ કેમ? તેમનાં ચરણમાં મ્હારાં કોટાન કોટી વંદન હો ! અંતે યોગેન્દ્ર ભતૃહરિનેજ સંભારીએ કે:—

वस्तु-प्राधान्य कामांधो नैव पश्यति.

અને

साहित्य संगीत कला विहीनाः साक्षात् पशुः पुच्छविषाणहीनः ।

તા. ક:-મુદ્રણાલયમાં હ્રસ્વ-દીર્ઘ ચિહ્નોના અભાવે કર્તા લાચાર હોઇ નિર્દોષ છે. વાંચકે માપ જોઇ તે ગોઠવી લેવા કૃપા કરવી.

સંવત્ ૧૯૮૦
ચૈત્રી પૂર્ણિમા
સુરત.

ભવદીય,
સાહિત્ય પ્રેમી.
"પુષ્પ"

૧૧૩૭૩

—: ૐ :—

યોગેન્દ્ર

શ્રી

રાજા ભરથરી.

(હરિગીત.)

સમદ્રષ્ટિ યોગીરાજનું વિંધ્યટવીમાં ઝુંપડું,
શોભી રહ્યું છે વેદની ધૂને કરીને ઢુંકડું.
ગુરુદેવજી આશ્રમ વિષે હમણાં સમાધિમાં હતા,
શિષ્યો સકળ શ્રી શારદા–દેવી મહીં રમતા હતા.

કારીગરી કુદરત તણી વન–વૃક્ષ ફૂળ ફૂલ ઝુલતા,
ઘુ....ઘુ.... સ્વરોના ઘોર વનમાં વા–સપાટે ઘૂમતા.
આશ્રમ વિષે **શ્રી રામ**! મંગળ નામ ! સૌ લલકારતા,
બંસીધરે લીલા કરી તન્મય થઇ સંભારતાં.

ત્યાં તો અતિ કંગાલ કો આવ્યો ધસી આશ્રમ વિષે.
ખાડા પડેલા પેટમાં કાયા મલિન દુર્બળ દિસે.
ગુરુવર્યના ચરણે પડયો દોડી અહા ! શી ઘેલછા !
અણજાણ એથી બાપડો “ કે એ સમાધિમાં હતા.”

જ્યાં પેટમાં પડતું નથી લાગે કકડતી ભૂખ હા !
ઉપવાસ જ્યાં બેએક ત્યાં બદલાય ભાવો મૂખના.
ભૂખ્યાં જીવે વલખાં બહુ મારે ન કંઈ સુઝતું નથી,
ખાધા વિના સાક્ષાત્ જોવું સ્વર્ગ પણ રુચતું નથી.

बुभुक्षितैर्व्याकरणंनभुज्यते ! पिपासितैकाव्यरसोनपीयते ।

ક્ષુધાતુરો વ્યાકરણો ન ખૈ શકે,
તૃષાતુરો કાવ્યરસો ન પી શકે.

નહિ ચિત્ત ચ્હોંટે કોઈમાં હસવું જરા ગમતું નથી,
ચિત "અન્ન" કેવળ અન્ય કોઈ વિષયમાં રમતું નથી.
લાખો રૂપૈયા ઠાલવો મ્હીં પાસ ભૂખ્યો ના જુએ,
હીરા અને માણેક શું આ પેટની પીડા ખુએ ?

જ્યારે જરૂરી જે પદાર્થો તે સમે તે કામના,
ખાવાની જગ્યાએ નથી બચકાં ભરાતાં દામનાં.
પાણી જગે પાણી જરૂરી ધૂળ જાગ્યે ધૂળ છે,
જે બપ પ્રસંગોપાત જૂદું તે'વું તેનું મૂલ છે.

સૂઝે, ગમે, ગોઠે નહિ, ભૂખાવળાં જ્યાં થાય છે,
નિજ દેહ-શુદ્ધિ, કોણ છે આ ? ક્યાંછ હું ! ભૂલાય છે.
ખાધા વિના ચાલે ન માંડી રંકથી તે રાયને,
બીજા બધાં બાજુ પ્રથમ દેવું ચુકાવો કાયને.

સમદ્રષ્ટિના ખોળા વિષે કંગાલ એ લેટી પડ્યો,
"ભગવાન! ભાંગો દુઃખ" કે'તો ગળગળે સાદે રડ્યો.
ચૂકયા સમાધિ સ્પર્શથી ઝબકી અચાનક જાગીયા,
રોતો દિઠો જ્યાં માનવી ત્યાં તુર્ત કે'વા લાગીયા.

"કયા બાત હૈ ભૈયા! ઇધર આયા તું કયું? કયા કામ હૈ?
કયું અંખીયાં ભરતા તુમ્હારા ગામ કયા અભિધાન હૈ?
ઐસી બિપત્તિ કયા ગીરી? આયા ઈસી તું સ્થાનમેં,
બસતે, સભી સાધુ ઇધર કયા ફલ મિલેંગે રાનમેં?"

"ભગવાન! હું કંગાલ બ્રાહ્મણ ધવલપુર મમ ગામ છે,
આ રંકનુ શુભ નામ હે ગુરુદેવ! શાન્તિરામ છે.
વિદ્યા ભણી તમથી પ્રભુ! સંસાર માંડીને રહ્યા,
પણ અન્નનો દુષ્કાળ એ'વો જાય ના મ્હોડે કહ્યો."

"પત્ની અને પુત્રો પ્રભુ! ભુખ-દુઃખથી રીબાય છે,
નિર્ધનપણું કાપો દયાળુ! કષ્ટ ના સ્હેવાય છે.
કલ્યાણકારી જગતના! હું યાચવા આવ્યો અહીં,
કરુણાળુ ઓ ગુરુદેવ! દાઝ ગરીબની દાખો નહિ?"

"બેટા! તુમ્હારી બાત ઔર બિલાપ સબ કુચ્છ સચ્ચ હૈ,
લેકીન હમારી પાસ કોડી એક ભી નહિ અર્થ હૈ.
બસતા સદા હમ રાનમેં ઉસસે હમારા કામ કયા?
સાધુ પુરૂષ કો લક્ષ્મીકા સારા જીવનમેં નામ કયા?"

"ત્યાગી બિરાગી સન્ત હુમ ફૂલ-મૂલ દુસરા કુછ નહિ,
મીટે તુમ્હારા દુઃખ ઐસા કોઈ ભી સાધન નહિં"
આ શબ્દ સુણતાં વારને બ્રાહ્મણ-હૃદય ભાંગી ગયું,
ફેરો અફળ મ્હારો ગયો સાર્થક અરે! કંઇ ના થયું.

પાછો ફરી એ કરગરી ગુરુદેવને ચરણે પડયો,
'કરુણા કરો દીન દાસ પર કંઇ પણ' કહી પુષ્કળ રડયો.
"જો આપ સ્વામી સમર્થ શું નહિ થાય? મ્હાત્મન્ આપથી,
તમ ચરણ મસ્તક મ્હેં મૂકયું ઉગારવા સંતાપથી."

અવલોકી આંસુભીની આંખો સંતદિલ પલળી ગયું."
ફળ એક લઇ તુંબી વિષેથી દીન બ્રાહ્મણને કહ્યું.
"ઇસકા **અમરફળ** નામ **શાન્તિરામ**! સુનકર લીજીએ,
જો ખાય વો ફિર ના મરે હમ્મેશકે લીએ જીએ."

"તુમ ખાવ આપ હી આપ યદિ ઇચ્છા ન હો તો સુનીયે,
કો છત્રપતિકો દીજીએ ઔર દામ ઉસસે લીજીએ.
ઈસસે તુમ્હારા કષ્ટ સબ સચ માન કી મિટ જાયગા,
આયુષ્ય સારા ચમનમેં અચ્છી તરહ બિતાયગા."

લીધું અમરફળ હેતથી કરજોડીને લીધી રજા,
આશિષ ગુરૂજીએ દીધી "જાઓ કરો બચ્ચા મઝા."
રાજી થતો લઇ **અમરફળ** એ **શાન્તિરામ** ગૃહે ગયો,
નિજ નાર ગંગાને સવિસ્તારી પ્રસંગ સકળ કહ્યો.

કંગાલ સ્વામિ! આપણે ખાઈ અમરફૂળ ક્યાં જવું ?
લાંબુ જીવી ગરીબાઇનું ગંભીર દુઃખ આ વેઠવું !
માટે પતિ **માલવપતિ** ભતૃહરિને આપજો,
કરજોડી કે'જો " રાજ! આ લઇ કષ્ટ મ્હારૂં કાપજો "

"રાજન્ અમર થઈ આપ રૈયતને સુખેથી પાળજો,
આ રામરાજ્ય સદાય રાજા ભરથરી સંભાળજો."
સ્રીની સલા' આ શાન્તિરામે સ્નેહપૂર્વક સાંભળી,
ચાલ્યો અમરફળ આપવા માલવપતિ–મ્હાલય ભણી.

* * * *

ઉજ્જયિની નગરી જે **અવન્તિ** હાલમાં કે'વાય છે,
ત્યાં આણુ રાજા ભરથરીની આ સમય દેવાય છે.
રાજન્ નીતિ ને ન્યાયમાં ખામી નહિ રાખે જરા,
શાણા સચીવો ને અમલદારો બધાંય કહ્યાગરા.

જીતી પ્રજાને પ્રેમથી રાજા દિવાળી ઊજવે,
સદ્ન્યાયથી સંતુષ્ટ રૈયત 'ધન્ય' રાજાને કહે.
પણ આજ થોડા દિવસથી રાજેન્દ્ર બદલાયો હતો,
ભતૃહરિ દરબારમાં પ્હેલાં સમો નહિ આવતો.

સત્તા સકળ સોંપી હતી નિજ ભાઈ **વિક્રમરાજને,**
પોતે પડયો'તો પ્રેમ સાગરમાં ભુલી નિજ કાજને.
વિક્રમ મહા શુરવીર રાજ્યનીતિજ્ઞ રાજ્ય ચલાવતો,
નિજ વડીલ બંધુની જરેજર ખોટ પૂરી પાડતો.

જ્યારે રુપાળી રાણી સાથે રંગમ્હેલે રાજવી,
રે'તો પડયોને પાથર્યો પ્રેમી મઝાઓ ભોગવી.
રૂપવાન ત્રણસો સાઠ રાણી સયને મ્હેલે હતી,
ત્રણ માનીતિ કમળાક્ષી, ચંદ્રકળા અને યશમાલતી.

પણ પિંગળા રાણી નવી સૌથી વધુ પ્યારી હતી,
ભતૃહરિની રોજ જ્યાં આઠે પ્રહર સ્વારી થતી.
પાગલ બન્યો'તો ભરથરી એ પિંગળાના રૂપમાં,
પાણી ઢળ્યું'તું જ્ઞાન પર પડતાં પ્રીતિના કૂપમાં.

એના લલિત લાવણ્ય પર નિજ દેહ-ભાન ભુલી ગયો,
કર્તવ્ય-પથ ચુકી જઇને પ્રણયમાં ડુલી ગયો.
નિર્ખી કમળમુખ રાણીનું નિજ ધ્યાન ચુકયો રાજનું,
સોંપી દીધું સંભાળવાનું ભાઇને સૌ તાજનું.

રણવાસમાં રાત્રિ દિવસ થઇ પ્રેમમસ્ત પડી રહે,
સ્વર્ગીય લ્હાવો એ પ્રિયા-દર્શન વિષે જાણે લહે.
વિક્રમ તણી વિનતિ થકી ભતૃહરિ દરબારમાં,
આજે બહુ દિને પધાર્યો'તો પરમ શૃંગારમાં.

સેવક સુમન્ત સહીત સૌ સરદાર બહુ રાજી થયા,
સદ્દભાગ્ય કે ભતૃહરિના આજ હા! દર્શન થયા.
સોના તણો સુરજ ઉગ્યો સૌને મને દરબારમાં,
આનન્દ હર્ષ તણા પૂરો ઉછળી રહ્યા સરદારમાં.

ગાયે ગુણીજન ગીત મંગળ ઉત્સવો ઉજવઈ રહ્યા,
દરબારગઢના આંગણાં પાવન પુનિત પગલે થયાં.
શોભા અનુપમ આજ શી મનમુગ્ધ ઉભરાતી હતી,
કો ગાયિકા મંજુલ સરોદે નૃત્ય સહ ગાતી હતી.

ગાયિકાઃ— [રાગ–હોળી.]

[અરે....કોઈ શ્યામને સંદેશો કે'જો....રાહુ.]
હાંરે........કન્હૈયા........
મસ્તી કરે શું આ'વી ? (૨)
બળી ! મસ્તી કરે શું આ'વી ?–કન્હૈયા.

હું જળ જમના ભરવા આવી....
........જલ જમુના.......................
છેતરવા મ્હને બંસી બજાવી....(૨)
હું મુઈ ! ભોળીને સપડાવી........
ઘેલી દિવાની બનાવી........કન્હૈયા.

કાનમાં કહું........કંઈ કરી બોલાવી....(૨)
સમજી ન પાસે ઠગાઇને આવી....(૨)
અટક્યાળે મોરી....ગગરી છલકાવી........
શાને મ્હને ત્હેં સતાવી........
લુચ્ચા ! મસ્તી કરે શું આવી........કન્હૈયા.

તોફાની ! પડી પુઠે........થકાવી....(૨)
છલક - છલક ગાગર છલકાવી....(૨)
ઓઢણી આછી ભિંજાવી....જા....બા....
હા....બા....ત્હેં તો રડાવી........કન્હૈયા.

મીઠી મધુરી મુરલી બજાવી....(૨)
હું રોતીને રોવું ભુલાવી....(૨)
કે'વી મઝા ? કહી....હી....હી....હસાવી.
ઘડીભર ગમત ઝમાવી.......કન્હૈયા.

અમૃત–ધારા વિશ્વે........વહાવી....(૨)
તાતની જગ્યા ત્હેં સોહાવી....(૨)
બંસી બજાવી........ચાક ચ'ડાવી....(૨)
સૃષ્ટિને ! મન ભાવી........સસ્તી........
શું સુઝે અલ્યા ! આવી........કન્હૈયા.

તે સંખીની....(મંદાક્રાન્તા) ઉપર પથરો–રાહ.

આ'વા આ'વા મધુર ગાનો થઈ રહ્યાં છે સભામાં,
ઝળકે શોભા ઝગઝગાટે પૂછવું શું પ્રભામાં ?
વિદ્વાનો ને કૈં કવીશ્વર વાદવિવાદ કરતાં,
રાજન્ રીઝે કઈ પ્રકારે તે'નું સૌ ધ્યાન ધરતાં.

કેરી ભરેલી [ઉપજાતિ.] રસથીજ સારી—રાહ.

એવે સભામાં પ્રતિહાર આવ્યો,
"આજ્ઞા" પ્રભુ ! એક સન્દેશ લાવ્યો.
ભૂદેવ કંગાલ આવેલ કો છે,
શ્રીમાનને જે મળવા ચહે છે.

[હરિગીત.]

આજ્ઞા થતાં રાજેન્દ્રની સૌ નૃત્યગાન સમી ગયાં,
પરિચારકો, પરિચારિકા, ગાનારી સ્વસ્થાને ગયાં.
ન્હાના વિધિ વાજીંત્ર તાલ મૃદંગ બંધ બધાં થયાં,
જિજ્ઞાસુ ડોળા સર્વના દરબાર—દ્વાર પ્રતિ વળ્યા.

ઠાલું હસે ધવલ [વસંતતિલકા] દંતકળી દિપાવી-રાહ.

શાન્તિ સભા સકળમાં પથરાઈ ગૈ છે,
પ્રતિહારને નૃપ થકી આજ્ઞા અપૈ છે.
"એ'ને સુખે અહીં નિશંક પ્રવેશવા દયો,"
પૂજા—પ્રબંધ તમ શીર અમાત્યજી લ્યો.

યદા યદાહિ [અનુષ્ટુભ] ધર્મસ્ય-રાહ.

ગમે તે'વો બ્રહ્મ તોયે સદા સહુને પૂજ્ય છે,
લક્ષ્મીને શું કરે દેવી—શારદા બહુમૂલ્ય જો.

[હરિગીત.]

આવ્યો સભામાં બ્રહ્મ ઉઠી **ભરથરી** સ્હામો ગયો,
એ હાથ જોડી માળવાનો ભૂપતિ તે'ને નમ્યો.
કુમ કુમ લઇ નિજ હાથથી પૂજા કરી ચંદ્રક કર્યો,
અંતરથી આશિર્વાદ લઇ દ્વિજનો અને હર્ષિત થયો.

આસન કનકનું આપીને સન્માનથી બેસાડીયો,
કયાંથી પધારો ? પ્રશ્ન પ્રેમે રાજવીએ પૂછીયો.
અથથી ઇતિ ઇતિહાસ **શાન્તિરામ** ત્યાં નિજ કહી ગયો,
શા કારણે ગૃહ ત્યાગીયું ને કેમ જંગલમાં ગયો.

કે'વી રીતે ત્યાં મા'ત્મા **સમદ્રષ્ટિનો** ભેટો થયો,
વિસ્તારી હાલ દયાજનક ઋષિ પાસ પોતાનો કહ્યો.
આપ્યું **અમરફળ** આ રહ્યું મ્હારાજ એ સ્વિકારજો,
આરોગી એને અમર થાઓ દીન–દુઃખ વિદારજો.

લઇને **અમરફળ** રાજવી સહુને બતાવી એ રહ્યા,
અદ્દભૂત વસ્તુ જોઈ નર અંજાય ના એવો કયો ?
બોલાવી કોષાધ્યક્ષને આજ્ઞા કરી રાજેન્દ્રએ,
કેઃ–'એક લક્ષ સુવર્ણમુદ્રા દાન દયો આ બ્રહ્મને.'

નિર્ધનપણું ફીટી ગયું બક્ષીસ બહુ મ્હોટી મળી,
આશિષ દઇ પંથે પળ્યો અભિલાષ અંતરની ફળી.
ભતૃહરિ પણ લઈ **અમરફળ** તે પછી મ્હેલે ગયો,
આરોગું કે નહિ એ ઉપસ્થિત પ્રશ્ન અંતરમાં થયો.

દૈવી–પ્રસાદી આખરે આરોગવા નિશ્ચય કરી,
લીધી છરી જ્યાં કાપવા પ્રિય પિંગળા ત્યાં સાંભરી.
"હે! પિંગળા! વ્હાલી અહા ! વિસરી ત્હને તદ્દન ગયો,
ભામા મુકી ભરથાર એકલપેટ આજે જો થયો."

"ઉન્મત્ત યૌવન વ્હાલી તા'રૂં અમર એને રાખવા,
નાજુક ધવલ તુજ હસ્તમાં અર્પા મધુરસ ચાખવા.
આરોગી એને એકલો હું અમર થઇને શુ કરૂં ?
એથી રૂડું ખવડાવી તુજને જીન્દગી પ્રેમે ભરૂં."

[અનુષ્ટુભ્]

પુનઃ વિંટયું રુમાલેને....રંગમ્હેલ પ્રતિ પૂર્યો,
પિંગળાના સૌન્દર્યે તો....અંધ ભૂપતિને કર્યો.
સજ્યાં છે સોળ શૃંગારો....રાણીએ રણવાસમાં,
ઉદાસી રાહ જોતી એ બેઠી પ્રિયની આશમાં,
દુર્બોધા નામની દાસી રાણીની, વ્યભિચારિણી,
જેના સંસર્ગથી ભ્રષ્ટા રાણી થઇ'તી જારિણી.

[ઉપજાતિ]

કૂપંથમાં પિંગળા એ ગઇ'તી,
દુષ્કર્મ કીધું ના શુદ્ધ રહી'તી.
નેવે મુકી આબરૂ, કૂળ નીતિ,
કરી હતી અશ્વપાલથી પ્રીતિ.

[અનુષ્ટુભ્]

નીચ જ્ઞાતિ અશ્વપાલ ! યારી તે સહુ પિંગળા !
માતૃ-કૂખ લજવી ત્હેં ! ધિકક્ ! હા ! ધિકક્ ! પિંગળા !

[હરિગીત.]

આજ્ઞા કરી છે દાસીને "જા યાર તેડી લાવ તું,
બહુ કામ વ્યાપ્યો અંગમાં જલ્દી જઈને આવ તું.
ચંદન શરીરે ચોપડયું તોયે શિતળતા થાય ના,
ઊતાવળી જા દાસી ઝાળો મદનની જીરવાય ના"

"ખાચું પિવું મનભાવતું ચિત કયાંય પણુ ચ્હોંટે નહિ,
એ'ના વિના અકળાયલી મુજને કશે ગોઠે નહિ"
આજ્ઞા થકી પરિચારિકા ગઈ : યારની ઘોડારમાં,
દેખાવ ત્યાં જોયો અને હિંમત છુટી પળવારમાં

પાષાણુ-પુતળીવત્ થઇ હાલે નહિ ચાલે નહિ,
પાપણુ સરીખા આંખના પણુ સ્હેજ કો' ! હાલે નહિ.
દેખાવ એ'વો શો હતો ? શું ભૂત જોયું દાસીએ,
બીહામણું એ શું હતું ? એ વાત વાંચક ! વાંચીએ.

આલા* તણી ફરિયાદથી **વિક્રમ** અહીં આવ્યો હતો,
આગળ થકી 'હું આવું છું' પયગામ ના કા'વ્યો હતો.

---

* અશ્વપાલનો નોકર.

જ્યાં અવ્યવસ્થિત અશ્વ જોયાં ક્રોધ દીલે વ્યાપીયો,
લઈ ચાબખો એ અશ્વપાલકની પ્રતિ ઉગામીયો.

દાસી ખધુ' જોયા કરે, ને અશ્વપાલક કરગરે,
વિક્રમ પુછે ફટકાવતો "આખો દિવસ તુ' કયાં ફરે?"
" મૂકો મ્હને જાવા દીયો....દુર્લક્ષ કો દી નહિ કરૂં,
બાપુ ! હવેથી રાત દીવસ ચાકરી નકકી કરૂં"

શિક્ષા કરી વિક્રમ ગયો કે દાસી એ દાખલ થઈ,
"હું કેમ કયાંથી આવી !" વાત અજાણી થઇ જાણે કહી.
"પ્રેમે પધારો રંગમ્હેલે રાહ રાણીજી જુએ,
કળ આપ વિણ પડતી નથી જરીએ નિરાંતે ના સુએ."

[અશ્વપાલને દિવાનખાનામાં બેસાડી દાસી રાણીના
શયનગૃહના દ્વારે આવે છે.]

* દાસી-(બ્હારથી) સાખી

શણગારે સજ થઈ રહો....ઢેલ....પધાર્યા મોર !
ચિંતવન જેનું ચિત્તમાં આવ્યા પ્રેમી ચોર....

ચંદ્ર ચકોરી આવીયો....કુમુદિની અલી ! તું ચેત !
કમલિની ઉઘાડ પાંખડી....જો રવિ બોલાવેછ.

---

* પૂર્વે અંતઃપુરમાં રાણી ને રાજકુંવરીઓની સખીઓજ દાસીનું
કામ કરતી હતી.

ચાતકી મેઘ પધારીયો....તૃષા હવે છીપાવ !
વિરહાગ્નિ પિયુ ભેટથી....બ્હેની હા ! બુઝાવ.

શાણી— ઉત્તર

પ્રફુલ્લ થઈ છે પાંખડી....સુખે પ્રવેશ કરાવ,
થોડું બોલો ! બ્હેંકતાં છેકજ કંઈ શરમાવ.
અણઘટતું ન ઉચ્ચારીએ....બહુ નાહ ફાટી જાવ,
થોડામાં ગમ્મત પડે....અતિ લોભી નહિ થાવ.
વેણી ગૂંથી છે ફરી....ફરી સમાર્યા કેશ,
આછાં અમ્બર ઓઢીયાં....લીધો નૌતમ વેશ.

દાસી—

લ્યો ત્યારે હું જાઉં છું....ઘૂસાડું છું ચોર !
જો....જો....બરાબર ઝાલજો....કરે ન શોરબકોર.

શાણી—

ડા'પણ છોડ ચબાવલી ! જા....ઝટ કર ના વાર,
ઝટપટ મોકલ પ્રિયને....મ્હેણાં થોડાં માર.

દાસી—

સમય સાંપડે સૌ કહે....એ'માં શાની ખીજ ?
ઈનામ હું તો લૈશ બા....હા....નહિ એ મૂકીશ.

શાણી—

આપીશ નવસર હાર....જા....વ્હેલી મેળવ કાન્ત !
લ્હાય હૃદયની હોલવે....તન–મન–થાયે શાન્ત.

[દાસી જાય છે....ને....અશ્વપાલ બહુજ ખોટી કર્યાથી રીસનો માર્યો હાથમાં ઘોડાનો ચાબખો લઇ પ્રવેશ કરે છે.]

ભલો દેશ મારો [ભુજંગી] ભલી ભોમ મારી-રાહ.

ઉઠી દોડી હા! ભેટવા યારને એ,
ભુલે ભાન જે જે બને અંધ કામે.
હશે જગ્તમાં 'પાપ શું?' એ વિસારે,
ભમે કાળ માથે ફરે બુધ્ધિ ત્યારે.

ધસી આવતી પિંગળા ભેટવાને,
દિઠી દુરથી દુષ્ટ એ અશ્વપાલે,
પડી દ્રષ્ટ જ્યાં ચાબખે, રાણી ધાતી
રહી સ્થિર જ્યાં ત્યાં નહિ ચાલી છાતી.

[અનુષ્ટુભ]

ક્રોધાવેશે પિંગળાએ....અશ્વપાલ દિઠો જહીં,
ઉડી સુરખી ગાલેથી ને સ્ફૂર્તિ અંગે ના રહી.

[ઉપજાતિ]

વીક્રાળ ચ્હેરો અવલોકતાં એ,
ઢીલાં થયાં ગાત્ર ખુશી થતાં જે.
પાસે પછીથી ડરતી ગઈ એ,
પૂછ્યું ધિરે...."કોઇ કસૂર થૈ છે?"

(હરિગીત)

મોડી તું આવી કેમ ? ખોટી થાઉં નહિ દરકાર એ,
ત્હારે મને શું એમ ? કે:–'આ અશ્વપાલ ગમાર છે.'
કાપે ગળું કે દી અમારૂં શો ભરોસો રાંડનો,
યારી હવે કરવી નથી કોઇ દિવસ તુજ સંગમાં.

તવ પિંગળા બોલી "પિયુ ! ગુસ્સે થવું એ ના ઘટે,
ભરથાર ભૂપ તજી નિરંતર પિંગળા તમને રટે.
માલવપતિની માનીતિ પટરાણી તમને ચ્હાય છે.
કેવળ તમારા પ્રેમની ખાતર અધીરી થાય છે."

"ના ના બધા એ તૂત ત્હારા પ્રેમ જુઠઠો તાહરો,
છોડું હવેથી મ્હેલ આ છેલ્લો ઇરાદો માહરો."
જ્યાં રોકવા ગઇ પિંગળા ત્યાં પીઠ પર ફટકો પડયો,
વિક્રમ ઉપરનો રોષ રાણીની ઉપર ખાલી થયો.

[ઉપજાતિ]

ફટકા ઉપર હા ! ફટકા પડે છે,
છૂપું હૃદયથી રાણી રડે છે.
મુંગે મુખે માર બધો સહે છે,
કદી કદી આંસુ આંખે વહે છે.

પગે પડી પાલવ પાથરે છે,
કામાંધ રાણી બહુ કર્ગરે છે.

કૃપા કરો દા...!સી ટળવળે છે,
હૈયું કસાઈ નહિ પીગળે છે.

સત્ય છેઃ—

"कामांधो नैव पश्यति !"
"કામાંધ કંઈજ જોતો નથી."

રે ! સૂર્યના ઉન્હાં કીરણ જેણે જીવનમાં ના સહ્યા,
સુકુમાર તે કાયા ઉપર શું રકત સોળ સુજી રહ્યા.
જેણે તુંકારો સાંભળ્યો નહિં જીન્દગીમાં કોઈનો,
ટપલો ન ખાધો સાસરે પીએર કોદી કોઈનો.

અજ્ઞાત છે જે "માર" એવી ચીજથી દુનિયા વિષે,
લોહી–તસો તે'ની પીઠે આજે ફૂટેલી શું દિસે ?
રે ! દાસ દાસી હજાર જેને રોજ ચર્ણે ઝૂકતા,
જે'ની અગાડી માન માલવપતિ જેવા મૂકતા.

તે માળવાની મહારાણી આંધળી કામે થઈ,
હલકા તુખમના નીચને પાયે પડી વિનવી રહી.
કામી અરેરે ! આંધળા ! "હું કોણુ" કંઈ જોતાં નથી,
"ઉંડો કુવો કે ખાઇ છે" અન્નાડી કંઈ જોતાં નથી.

આંખો મિંચી અન્દર પડે, પાછળ પછી પસ્તાય છે,
સારૂં ! કર્યું ના હોત જો' એ'વી વિમાસણુ થાય છે.

રે ! પંચશરથી કેટલાં હૈયાં કુણાં વિંધાય છે,
વાગેછ જેને કામશર તે આંધળા થઇ જાય છે.
ડાં'પણ ફુલી જાયે બધું પાગલપણુ મુકાય છે,
બસ કામના તીરે કરી બે આંખ ફુટી જાય છે.
સુરદાસ થાતાં સત્ય રસ્તાની સમજ પડતી નથી,
બાધા વિના ઠોકર ગયેલી શુધ્ધ સાંપડતી નથી.
કૂવે પડે છે આદમી પાછળ નિકળવા ચ્હાય છે,
જાણ્યા છતાં ઝૂકે જળે....ગોથાં પછીથી ખાય છે.
અકકલ નહિ છાંટો છતાં અકકલ લ'ડાવા જાય છે,
જાણેછ જીરવાશે નહિ અણુસમજુ તો પણ ખાય છે.
સારી રીતે જાણેછ કે આ ઝે'ર છે, તોયે પિયે,
હાથે કુહાડો મારી પગમાં દોષ ભાવિને દિયે.
કરતાં કરે પશ્ચાત્ પસ્તાવો ભયંકર થાય છે,
ત્યારેજ પાપીવૃત્તિ સાથે કામને નિન્દાય છે.
બે ચર્મચક્ષુ, જ્ઞાનચક્ષુ પછી ખુલ્લી થાય છે,
માયા મરી ફીટી જગત આ બ્રહ્મમય દેખાય છે.
કામાંધના ઇતિહાસમાં કોટી ભર્યા છે દાખલા,
પરિણામ "પસ્તાવો" પછીથી કોણ જાણે ના ભલા ?
જાણ્યા છતાં થાતાં અજાણુ ખુબી ખરી તો એજ છે,
અંધા છતી આંખે બને ખૂબી ખરીતો એજ છે.
છે પાપ જાણે આપ કરતાં એજ જોવા જેવું છે,
છે પૂણ્ય ! મિંચે આંખ તોયે એજ જોવા જેવું છે.

(અનુષ્ટુભ્)

કાલાવાલા કર્યા કોટી....ક્ષમાની ભિખ માંગતા,
અન્ધપાલ થયો શાન્ત અતિશે સમજાવતાં.

(ઉપજાતિ)

પ્યારા ! કહી પિંગળાએ પટાવ્યો,
મિષ્ટાન્નપાણી દઈને મનાવ્યો.
પ્યારી ! કહી કંઠમાં હાથ નાખ્યો,
કામી પુરૂષે રસ મિષ્ટ ચાખ્યો.

શૃંગાર નાગો બહુ બે કરે છે,
પટ રાણીનો વક્ષ:થી સરે છે.
આલિંગનો ધિક્કૂ અશ્લીલ એ'વા,
ને ચુંબનો તુચ્છ નિર્લજ્જ લેવા.

ચાળા નઠારા ને નેત્ર—પલકાં,
બોલો, અડપલાં બન્નેય હલકાં.
આંખો બહુ બેઉ તણી વિકારી,
કયાં નીચ નર ને કયાં ઉંચ નારી ?

કામાંધ ના પાપ થકી ડરે છે,
જોઈ રહ્યો વ્યાપક ! વીસરે છે.
કેદી કમળમાં મૂઝે મરે છે,
વિનાશકાળે મતિ વીફરે છે.

(હરિગીત)

પતિવ્રત ઉપર પાણી મૂકયું, ધિક્કાર નારી પિંગળા !
તું ન્હોય નારી ભરથરીની નીચ, આવી પિંગળા !
સતી-ધર્મને નેવે મુકયો ફિટકાર રાણી પિંગળા !
કયાં અશ્વપાલક અધમ ! ને સમ્રાજ્ઞી કયાં તું પિંગળા ?

શું હોય ? નારી વ્યભિચારી ભરથરીની પિંગળા ?
ભગવાન જાણે સત્ય શું ? કે'વી હશે ? એ પિંગળા ?
પણ હાલમાં તો એ બની પાપીણી ને વ્યભિચારિણી,
ભગવાન દયો ના કોઈને નર નીચ નારી જારિણી.

[અનુષ્ટુભ]

ભાગ્યફૂટી રાણી સાથે અશ્વપાલ ક્રિડા કરે,
ન્હાનાવીધિ કરે નખરાં લજ્જા બાજુએ ધરે.

[હરિગીત]

ત્યાં લાગ જોઈ અશ્વપાલે વાત વીતેલી કહી,
"તા'રા દિયરના હાથથી ગ્હારી દશા ભુંડી થઇ."
ક્રોધે ભરાઈ સાંભળી મુખ લાલ રાણીનું થયું,
અપમાન આગળનું કરેલું વિક્રમે તે સાંભળ્યું.

* * * *

એક દી ભતૃહરિ વિક્રમ અરણ્યે બે ગયા,
હારી હઠે ને પિંગળા સાથે શિકારે લઈ ગયા.
વાદળ ચઢી આવ્યું તહીં વરસાદ વરસ્યો જોરમાં,
કાને પડયું સંભળાય ના વિજળી–કડાકા ઘોરમાં.

સૂઝે ન દીશા કોઇને અણુધાર્યું અંધારૂં થયું,
ગમ કોઇની ના કોઇને કે કોણ ? કયાં કયાં ? જઈ રહ્યું ?
ઓચિંતી આ આફત થકી ભતૃહરિ છૂટો પડયો,
દુર્ભાગ્ય તે વિક્રમ બિચારો ! પિંગળા સાથે રહ્યો.

લીલા કરી થોડી પછી એ મેઘરાજ સમી ગયા,
ભગવાન ભાનુદેવનાં અજવાળીઆં આછાં થયાં.
પટકૂળ ભાભી દિયરના વરસાદથી પલળી ગયાં,
જળબિન્દુઓ એ ચીરથી ટપ ટપ અતિ નિતરી રહ્યા.

કાયા ભિંજાઇ બેઉની શીતે કરી ધ્રુજી રહ્યા,
ગગડાટ ઘોર ગગન તણા કાને હજી ગુંજી રહ્યા.
બારીક ઝીણી જાળ જેવાં ચીર રાણીના હતાં,
ભિંજાઈ અંગે ચ્હોંટીઆં જાણે નવસ્ત્રા શું હતાં ?

કાયા સકળ દેખાય આછાં ને ભિનાં એ ચીરથી,
નિતરી રહ્યું લાવણ્ય માંડી ચર્ણથી તે શિરથી.
અવળા મુખે વિક્રમ વિમાસે ભાઈ ! કયાં આળગો થયો ?
"પણ કંઇ નહિ એ વીર છે સંશય ન કૈં કરવો રહ્યો."

આ મેર વિક્રમસિંહ બંધુના વિચારે જયાં કરે,
ત્યાં રાણી પાછળથી દિયરની સ્હોડમાં ધીમી સરે.
એકાન્ત સ્થળ અવલોકતાં કૂવાસના ઉર ઉદ્ભવી,
વિક્રમ સ્વરૂપે લાગીયો...સોળે કળે પ્રકટયો રવિ.

એકાન્ત છે દુશ્મન મહા યુવાન નર ને નારનો,
એકાન્ત ભૂલાવે ભલાને ! ભેદ સારાસારનો.
સોબત કરાવે પાપની જે ચીજ તે એકાન્ત છે,
નીતિ ચુકાવે આપની જે ચીજ તે એકાન્ત છે.

વૃત્તિ જગાડે વિષયની જે ચીજ તે એકાન્ત છે,
બટ્ટો લગાડે આબરૂને ચીજ તે એકાન્ત છે.
શું " પાપ " એને ઓળખાવે ચીજ તે એકાન્ત છે,
જે ભાવના નિર્મળ ભમાવે ચીજ તે એકાન્ત છે.

નિષ્પાપ તોય પતિત કરાવે ચીજ તે એકાન્ત છે,
નિર્દોષને દોષિત ઠરાવે ચીજ તે એકાન્ત છે.
ડાઘો લગાડે દેહમાં જે ચીજ તે એકાન્ત છે,
જીવન્ત પુંકે ચેહમાં જે ચીજ તે એકાન્ત છે.

સંશય અણાવે સ્હેજમાં જે ચીજ તે એકાન્ત છે,
પાઠો ભણાવે ભેદના જે ચીજ તે એકાન્ત છે.
છૂપા જણાવે મર્મને જે ચીજ તે એકાન્ત છે.
છેવટ કરે વશ શર્મને જે ચીજ તે એકાન્ત છે.

દુર્વૃત્તિ ભોગીમાં જગાવે ચીજ તે એકાન્ત છે,
વૈરાગ્ય વૃત્તિને ભમાવે ચીજ તે એકાન્ત છે.
જે પાપને ફાંસે ફસાવે ચીજ તે એકાન્ત છે,
પગ નર્કકુંડ વિષે મુકાવે ચીજ તે એકાન્ત છે.

ફૂછંદનુ જો પગથીઉં તો ચીજ તે એકાન્ત છે,
ફિટકારનું જો મૂળીઉં તો ચીજ તે એકાન્ત છે.
ભંગાણુ પતિ–સતી–ધર્મનું જે ચીજ તે એકાન્ત છે,
મંડાણુ પાપ અધર્મનું જે ચીજ તે એકાન્ત છે.

ઝેરી ફુલોનું ઝાડ એ ઝેરી ફળો ને બીજ છે,
સ્પર્શો ન સ્વપ્ને કોઈ એ એકાન્ત બુરી ચીજ છે.
ઝેરી હવા એકાન્તની ભૂલેચુકે લેશો નહિ,
લેશો પછી નક્કી નિરોગી જીવને રે'શો નહિ.

ઝેરી ઝરો એકાન્તનો ઝેરી ઝરણુ એ'માં ફુટે,
પાણી પિવા તે જાય જે'ના પુણ્ય પરવારી ઉઠે.
ઝેરી જળાશય જોઇ એ જાશો નહિ પ્યાસી તહિં,
જળપાન ઝેરી જો કર્યું આરોગ્ય જળવાશે નહિ.

એકાન્ત અન્ય ઉમાપતિનો કુંભ વિષનો જાણજો,
એકાન્ત પર–નર–નાર નાવે એ પ્રસંગજ આણજો.
મળશો ન સગ્ગી ભાભી સાથે દિયર પણ એકાન્તમાં,
મળશો ન બંધુ–બ્હેન પણ મ્હોટી વયે એકાન્તમાં.

એકાન્ત વસ્તુ સમજે અંગારના સરખી કહે,
એકાન્ત એ શોધ્યો ઋષિ સન્યાસીઓ જેને ચહે.
રે! ધર્મ હિન્દુ-શાસ્ત્ર તો વળી એટલે સુધી કહે,
પરણેલી આ વિધવા સુતા સાથે પિતા પણ ના રહે.

સૂવા ઘરમાં સાથ મળવા પુત્રને નિષેધ છે,
કળિયુગ, ત્રેતા, સત્ય, દ્વાપર યુગ યુગે એ એક છે.
સંતાન વીર-કુળના પર આ આવડી મોહી હતી,
ઓ! આ-સુધાર-અંકારથી શુદ્ધિ શિખે બોધ હતી.

જ્યાં એક લોહીનાં અને આત્મીયને પણ ના કહી,
ત્યાં પર-પુરુષ પર-નારને મળવાની વાતો ક્યાં રહી!
એકાન્ત આપણમાં ધોધ છે, છાંટા ઉડાડે શુદ્ધને,
બોલી નઠારો પ્રેમ એ બહેંકાવી દે છે બુદ્ધને.

ત્યાં યુવક-યુવતિ તજી કુરવ્ય પ્રચંડ અણાય જે;
તે એક એ પ્રથમ એક એ એકાન્ત છે એકાન્ત છે.
જે પાપ, ભ્રષ્ટાચાર, ને દુષ્કર્મનો સિદ્ધાન્ત છે,
તે એક એ પ્રથમ એક એ એકાન્ત છે, એકાન્ત છે.

નિર અને લોકાઈ દૈવપ્રસાદ સપડાઈ ગયા,
વિપ્ર અને એ વિંગળા એકાન્તમાં આવી ગયા.
નિર્મળ સ્વરૂપ વિકાર તણું બંધાયું આવી એ થયું,
નિર ભાન ભૂલી કૂદ એ એકી ટકે નિર્મળી.

આવી વિકારી ભાવ આંખોને વિષે ઉભરાઇ રહ્યા,
આ-યુગનો એ પ્રેમ નિર્મળ પલકમાં પલટાઇ ગયો.
આવાં પતિત વીચારમાં કામે ધનુષ્ય ચઢાવીયું,
ખેંચી કમાન મૂહુ કુસુમ-શર પિંગળાને મારીયું.

વાગ્યું હૃદયમાં રાણીને કામાંધ સહુસા થઇ ગઇ,
જેણે કરી બે જ્ઞાનચક્ષુ આંતરિક ફૂટી ગઇ.
ઝાંખી બની બેહોશ એ બહુ ધ્રુજતી બાઝી પડી,
વિક્રમ વિમાસણમાં પડ્યો રાણી બહુ રહી'તી રડી.

કંપિત લતા સમ કાયા કંપે વા શિતળ બહુ વાય છે,
“ક્યાં’ ક્યાં ગયા ભાઈ તમારા ? જીવ મમ ગભરાય છે.”
“હાં ! હાં ! કરો શું માત આ ? આ આપને છાજે નહિ,
વર્તન અસભ્ય તમારૂં માતા દીલ કાં દાઝે નહિ ?”

“અજવારમાં આવી જશે અહિં ભાઇ મ્હારા ભરથરી,
ઘભરાટ છે આ નિષ્પ્રયોજન બંધુ બળમાં કેશરી.”
આ શબ્દ વિનવી સાંભળી બેશર્મ બોલી પિંગળા,
“આપે શરીરે શિત મ્હોટા કર હુંપૂ આવે કંઇ બલા !”

વિક્રમ નિખાલસ દીલનો આ ભેદ કંઇ સમજ્યો નહિ,
અપવિત્ર વૃત્તિ પિંગળાની પાર કંઇ પામ્યો નહિ.
આપી તમે મ્હારે મને બહુ પૂજ્ય માત સમાન છો,
આંખો તમારે પેટ જાણી પુત્રની દ્રષ્ટે જુઓ.”

કંપિત હૃદયથી વિક્રમે કર પિંગળાને આલીયો,
ઢોંગી ધુતારી રાણીએ ઉત્સાહથી જે ઝાલીયો.
ત્યાં તો અચાનક “રે! અરે! હાં! હાં! મ્હને કંઇ થાય છે,
ઝાલો મ્હને! ઓ! કોઇ! કંપારી શરીરે થાય છે.”

“મસ્તક ઘુમે મ્હારૂં....બહુ અંધારૂં લાગે છે બધે,
ઓ....હા....અરેરે” ઢોંગને ઉદ્‌ગાર ખોટાં શું વધે?
વિહ્‌વળ દશા પૂરી બતાવી રાણીએ અર્ધી ઘડી,
બેબાકળી જાણે બની! વિક્રમ ઉરે બાઝી પડી.

“હાં! હાં! અરેરે! માત! આ શું? ભાભી આ શી ઘેલછા?
દેખે કદાપી કોઇ તો શંકા પડે એ સર્વથા.
છોડાવી રાણી-હાથને વિક્રમ ખસી આઘો ઉભો,
મનમાં ભલે ના મેલ ભાભી! બ્હાર આ અવિવેક શો?”

પાપી હુલી ત્યાં પિંગળાની પ્રેમ વશ ખૂલી ગઇ,
કામાંધ રાણી કૂળ, જાતિ, કૂખ, સૌ ભૂલી ગઇ.
લજ્જા તણો પટ ઠેલી નિઃસંકોચથી રાણી વદી,
“વ્હાલા! નથી વ્હાલું મ્હને તુજથી વધુ કોઇ, કદી.”

“તુજ ભાઇની ભાર્યા છતાં હું તો ત્હને બસ ચ્હાઉં છું,
તુજ પ્રેમ-પ્યાસી રહી ઉદાસી રોજ હું સુકાઉં છું.
દર્શન વિના આઠે પ્રહર મ્હેલે અધીરી થાઉં છું,
ચિંતવન કરૂં તુજ ચિત્તમાં તારા વિના મુંઝાઉં છું.”

"એકાન્ત મળતાં આજ મ્હેં સૌ ભેદ મ્હારો ખોલીયો,
આલિંગી શાન્તિ આપ! સત્વર સમય થોડો બહુ રહેલ.
ક્ષણુ એક તે મ્હારે મને સૈકા બરાબર લાગતી,
ઉરમાં અરેરે! શું કહું? તુજ સ્નેહ–શૂળો વાગતી."

પાષાણુવત્ પળ : એક તો વિક્રમ ચકિત સ્થંભી ગયો,
આ ગુંચ કે'વી અટપટી? ગુંચવણુ વિષે ગુંચવઈ રહ્યો.
બીજી પળે પણુ ચતુર એ'નો પાર સૌ પામી ગયો,
તિરછી નજરથી જોઈ ઉત્તર રાણીને આપી રહ્યો.

"ભાભી! અરે! ભાભી! તમે બોલો બકો શું સાન છે?
સ્વામી તમારો હું નથી રણુવાસ નહિ આ રાન છે,
નિર્લજ્જ આ શબ્દો કહો કો'ને કંઈ એ ધ્યાન છે?
વિક્રમ ઉભો તમ પાસમાં નહિ ભરથરી એ ભાન છે?"

"હું ભાનમાં પૂરેપૂરી પ્યારા! તમે મુંઝાવ મા,
મનમાં બધું ભાવે છતાં મોંઘા નકામા થાવ મા.
ઠાલી ઉપરનો ડોળ પોગળ દંભને છોડો હવે,
ખાલી સમય શાને ખુઓ? તૈયારી એને* આવવે."

"લ્હાવા લલિત આ'વા બધાને રોજ કંઈ મળતા નથી,
એકાન્ત વારંવાર આ સંજોગ સાંપડતા નથી.
ભાવે કરી ભેટો નિવારો કષ્ટ નાથ! અનંગનું,
અવસર મળ્યો સુખ ભોગવો આ પિંગળાના સંગનું."

* ભર્તૃહરીને

"માતા તમે મ્હારા તમારી શુદ્ધ આજે ક્યાં ગઇ?"
હું તો તમારો પુત્ર કુદૃષ્ટિ અરેરે! ક્યાં થઇ?
માતા બગાડે બે નજર સંતાન પર તો થઇ રહ્યું,
આ પૃથ્વી પરથી ધર્મનું સામ્રાજ્ય જાણો સૌ ગયું."

"આ'વા અઘટતાં વેણ શું ઉચ્ચારવાં તમને ઘટે?
જે પાપ લાગ્યું ઘોર પ્રાયશ્ચિત્ત કર્યા વિણ ના મટે.
'તમ પુત્ર છું એ ભાવના' અંકિત કરો અંતરપટે,
સાચી સતી તો તેજ સ્વપ્ને પણ અવરને ના રટે."

"મોહાંધ થઇ માતા તમે સદ્ધર્મ ભૂલી જાવ છો,
કાં ધર્મ નીતિ સત્ય ચૂકી વિષયમાં લપટાવ છો?
રે! મોક્ષ મેળવવો રહ્યો શે નર્ક પડવા જાવ છો?
અમૃત મળે નહિ છો! પિવાને ઝે'ર શિદ લલચાવ છો?"

સાધુ થવાયે છો નહિ! બસ થાવ સારા માનવી,
દેવી થવું આઘું રહ્યું! પણ વૃત્તિ આ શી દાનવી?
વિષયાનુરાગી ચિત્તને વિભુ-પ્રેમમાં વાળી લીયો,
પતિ-પ્રેમમાં પલટો અગર પણ કામને બાળી દીયો."

"શાથી મતિ મારી ગઈ કે કોણ છું હું? વીસર્યાં."
આવ્યાં પડળ શું આંખ પર, કે પૂણ્ય પરવારી ગયાં.
ક્યાં બે ઘડીની લ્હાણ માટે ધર્મને નેવે મુકો,
પતિવ્રત ઉપર જળ ફેરવો સતી-ધર્મ સંગાથે ચુકો."

"હે ભાઈ! મ્હોટાભાઈ! શું આ...આ તમારી નાર છે!
કુલટા તણા સ્વામી બનામાં પણ પ્રભુ! ધિક્કાર છે.
ધિક્કાર છે, ફિટકાર છે, માતા વધુ કે'તો નથી,
ચેતો હજુ બોલ્યા તમે તે લક્ષમાં લેતો નથી."

"સોદો કરો ના શિયળનો અણમુલ નિધિ એ જાળવો,
સ્વામી વિનાનો સૌ સમય સ્વામી-સ્મરણમાં ગાળવો.
સીઓ શિયળને વેચનારી હોય છે વારાંગના,
વેશ્યા અરેરે! શું સતી! ભર્તૃહરિની અંગના?"

"બોલ્યું અબોલ્યું ગૈ કરી જૈ વૃત્તિ માતા ફેરવો,
કાંઈ વિકારી ભાવ નિર્મળતા નયનમાં ઠેરવો.
આડા વિષયનો જોઈને સંભાળી પગ આગળ ભરો,
મેલું કર્યું નિર્મળ હૃદય....સંપૂર્ણ પસ્તાવો કરો."

"જે બોલમાં પણ ડાઘ લાગ્યો ધોઈ નાખો તેહને,
સાચા હૃદયના શુદ્ધ પશ્ચાત્તાપથી શુ ના બને?
મોહાંધ મા! જો થાત કેશવ-કાન્ત-પ્રેમે આકળા,
ભાભી! તમારી ભાંગતે આ જન્મ-મર્ણ તણી બલા."

"વ્હાલા! મ્હને સદ્જ્ઞાન આ તા'રૂં બધું ગમતું નથી,
તા'રા હૃદય વિણ કોઈમાં મા'રૂં હૃદય રમતું નથી.
આ શિષ જે માલવપતિ વિણ કોઈને નમતું નથી,
તુજને નમે તે આજ, કારણ દુઃખ બીજું ખમતું નથી."

ઘુંટણુ પડીને પિંગળા કરગરતી પાલવ પાથરે,
પોતે પડી પૂણ્યાત્માને પાડવા યત્નો કરે.
માથાવટીનો ભાગ જાણી જોઇને સરવા દીધો,
છેડો ઉડયો વક્ષઃસ્થળેથી લક્ષમાં તે ના લીધો.

તિરછાં નયનબાણો બહુ ચાંપે કસી કસી નાખતી,
ઘાયલ થશે હમણાં વિંધાશે આશ એવી રાખતી.
શાં અવ્યવસ્થિત ચીર આછાં જાળ જાણે કામની!
શુકદેવ–વિક્રમ પિંગળા–રંભા શું સ્વર્ગીય ધામની ?

પણ આખરે શુકદેવ પાસ હતાશ જયમ રંભા બની
સિદ્ધાર્થ પાસ નિરાશ જેવી ઇંદ્ર–સિદ્ધિઓ બની ?
ત્યમ પિંગળા વિક્રમ કને બહુ બહુ કરે પૂાવી નહિ,
આગળ ચલાવ્યું તોય.... છેડો અંતિલી લાવી નહિ.

" એવો અભાગી કોણ જે આ'વી મઝા નહિ ભોગવે,
ગમતી નથી રાખો તમારી જ્ઞાનની ગીતા હવે.
નહિ ચે'ન દીલ પડે પધારો પ્રાણજીવન ! પ્રેમથી,
આલિંગવું ને ચૂમવું....એ'માં અધર્મ બહુ નથી."

" ભાવે ભુજાથી ભેટવામાં પાપ લાગે, વ્હેમ એ,
ત્યાં પાપ પૂણ્ય કંઈ નથી....જ્યાં બે હૃદયમાં પ્રેમ છે.
એ પાપ પ્રેત નથી કંઇ એ'નાથી આમ ડરો નહિ,
પાંડિત્ય–પોથાં યાદ પ્રેમ–પ્રસંગ પાસ કરો નહિ."

"વ્હાલા ! જુઓ ! મદમસ્ત યૌવન અંગમાં ઉભરાય છે,
ભીનાં થવાં આ હોઠ બે તલસી રહ્યાં દેખાય છે.
મનમાં લગાડી લાહ્યને તનમાં બળતરા થાય છે,
પ્રાણેશ ! અંગ ઉપાંગ મા'રા એકદમ અકળાય છે."

"સર્વત્ર પડઘા પ્રેમના ને પ્રેમના સંભળાય છે,
જંગલ, તમે, હું, સૌ મ્હને તો પ્રેમમય દેખાય છે.
કે'વી કળા કીધી મનોહર કામદેવ તમે ખરા !
માયા ! તમારી જાળ ! કે'વી ગુંથણી....જૂઓ જરા."

"વ્યાપી રહી તમ મોહીની ઝાડે, ફુળે, ને ઝાંખરે,
તપભંગ વિશ્વામિત્ર ! જો જો મેનકા કે'વી કરે ?
સિદ્ધાર્થ બુદ્ધ થવું અને મન મારવું ના સ્હેલ છે,
વૈરાગ્ય ને સન્યાસ એ નહિ છોકરાંના ખેલ છે."

"શંકર થઈ સાધો સમાધિ સર્વ માયા પરહરો,
પણ ભીલડીએ ભોળવ્યા ! દ્રષ્ટાંત યાદ સદા કરો.
આ આમ છે, ને તેમ છે, ભાષણ ભભકતા સાંભળો,
નર એજ નારી પાસ થાયે પાણીથીએ પાતળો."

"દુષ્કર્મ કે સત્કર્મ જોવાનો સમય તે આ નથી.
વીચાર ધર્માધર્મ ! કરવાનો સમય તે આ નથી.
કોંની સહે શું કર્મ ? જોવાનો સમય તે આ નથી,
'પરિણામ' નો વીચાર કરવાનો સમય તે આ નથી."

" છાંટો ભરપૂર પ્રેમ-આશા આંસુધારા ! રાજવી,
આપો પિંગળા કર તમારા કંઠમાં આ રાજવી."
" કમજાત ! કુલટા ! બહુ થયું બોલીશ મા આગળ હવે,
ભર્તૃહરિનો ભાઇ અક્ષર એક આગળ નહિ સહે."

" આકાશ અવનિ પર પડે ગંગા કદી અવળી વહે,
પૃથ્વી રસાતળ જાય આ શશિદેવ સઘળાને દહે.
ઊગે રવિ પશ્ચિમ દિશે ને પૂર્વમાં છો ! આથમે,
દેનારને દુનિયા દમે....લેનારને લાખો નમે."

" છો ! દેવદર્શન સ્વર્ગમાં સીડી મુકી દુનિયા કરે,
ઊડાડી ધૂળ સુરજ પ્રતિ આંખો કદી કોઇ કરે.
તું તો શું રાણી ? સ્વર્ગથી સાક્ષાત્ રંભા ઊતરે,
"પર નાર મ્હારે માત" વિક્રમ આંખ ના ઉંચી કરે."

"વિષ્ણુ પધારે મોહીની રૂપે કદી અવનિતળે,
પણ આ જિતેન્દ્રિય વીર-વિક્રમ ના ચળે તે ના ચળે
ત્યારે પછી તું પિંગળા તે કોણ ગણતીમાં રહી,
વિક્રમ ઊભો છે, પ્રેમઘેલો ભરથરી આ છે નહિ."

" ચેતાઉં મ્હારા ભાઇને નક્કી હવે આ વાતથી,
તા'રાં પરાક્રમ નીચ આ જે જાણતો જરીએ નથી.
રે ! દુષ્ટ રાણી તુજ સમી આ રાજમાં નહિ કામની,
મમ ભાઇને નહિ જોઇએ કામાંધ આવી ભામની."

“માતા ગણી મ્હેં એક વાંકી આંખ કો દી ના કરી,
માતા-પિતાની ભાવના ઉર ભાઈ-ભાભીની ભરી.
તદપિ અરેરે! નીચ! કેવી માગણી ભુંડી કરી,
પતિ ને પ્રભુની આંખમાં તું બેવફા આજે ઠરી.”

“અફસોસ! કે'વા સ્નેહથી મમ બંધુ ભોળો ન્હાય છે,
ગંગા સમાન પવિત્ર ગણવામાંજ ગોથાં ખાય છે.
અમિપાન માની આવતો વિષપાન તું તો પાય છે,
પ્રેમાંધ ત્હારા પ્યારમાં લટ્ટુ! અપાર ઠગાય છે.”

બોલી વચન જ્યાં વિક્રમે છોડી જવા પગલાં ભર્યાં,
ચેતી ગઈ ત્યાં પિંગળા....ને હાવભાવો સૌ ફર્યા,
રોકી જતો વિક્રમ હસીને હેતથી બોલી પછી,
“કે'વા ઠગ્યાં! આબાદ હેં! વાહ્ વાહ્ મા'રા દિયરજી.”

“હું માનતી'તી કે દિયર બહુ હશે ચતુરસુજાણજી,
પણ બેઉ બંધુરત્નની ઉત્પત્તિ એકજ ખાણજી.
ભોળા તમારા ભાઈ ને ભોળા તમેયે છો ભલાં!
પુષ્કળ ભણ્યાં પણ સ્ત્રી-ચરિત્રે હજુ મારો વેવલાં.”

“સમજ્યા?” દિયરજી! સૌ ભણ્યાં પણ એક આ બાકી હજુ,
પ્રમદા-ચરિત ના પારખો તો ધૂળ શીખેલું બધું.
હું તો જરા જોવાની ખાતર પારખું જોતી હતી,
પાણી તમારૂં કેટલું છે? માપ તે'નું માપતી.”

"અગ્નિ નિકટ ઘૃત તુલ્ય પિગળી જાવ છો શું? કે નહિ,
ઇન્દ્રિયજિત કે'વા તમે આંકી કસોટી તે અહિં.
અચળિત તમારૂં મન પુરૂં મ્હેં પારખ્યું બહુ 'ધન્ય' છે,
જોયો તમારો ભાઇ–ભાભી ઉપર પ્રેમ અનન્ય જે!"

"ખોટું ન સ્હેજ લગાડશો આજે પરીક્ષા મ્હેં કરી,
દેજો ક્ષમા અપરાધિની તમ બંધુની જો હું ઠરી!"
પડવા પગે જ્યાં જાય ત્યાં તો વિક્રમે ઉભી કરી,
"માતા તમે મ્હારાં અરેરે! ભૂલ મ્હોટી મ્હેં કરી."

"જાણ્યા વિના સમજ્યા વગર બહુ બહુ કહ્યું મ્હેં આપને,
ઓછું ઉરે ના આણતાં દેજો 'ક્ષમા' માતા મ્હને."
રે! પિંગળાના ચર્ણમાં કરજોડીને વિક્રમ પડયો,
બહુ અટપટી એ જાળ કંઇક ફસાય, એય ફસી ગયો.

હમણાં બની જે વાત ભુરકી નાંખતાં ભૂલી ગયો,
ઊપર ઉપરના હેતમાં પાછો ફરી ફૂલી ગયો.
આપ્યું વચન "આ મશ્કરી! કો દી કહું નહિ ભાઇને,"
પુરવાર કીધું રાણીએ જ્યાં જુઠ્ઠ સોગન ખાઇને.

ભરતૃહરિ આવ્યો પછી સ્નેહીજનો સાથે મળ્યાં,
જાણે ન રાજા 'શું બન્યું'? નિજ નયમાં ત્રણે વળ્યાં.
ભૂલી ગયો આ વાત વિક્રમ તે પછી આગળ જતાં,
પણ બોલ બાણો તોલ રાણીના હૃદયમાં ખુંચતાં.

અકેક એ ઉચ્ચાર ને ધિક્કાર સૌ સાલી રહ્યાં,
અપમાન કીધું તે સ્મરણ આજે હજુ આલી રહ્યાં.
નિશ્ચય કર્યો પાકો મને એ પિંગળાએ તે સમે,
"સાટું ન વાળું વિક્રમા ! તો પિંગળા કે' ના મ્હને."

લાગ્યો દિલે જે ડંખ તે અદ્યાપિ ના વિસરી હતી,
અપમાન કેરી આગ ઉરથી બ્હાર ના નિસરી હતી.
આજે સમય આવ્યો અચાનક ને સ્મૃતિ તાજી થઈ,
દ્રષ્ટિ સમક્ષ બિના બધી આજેજ જાણે ના બની !

* * * *

બોલી સ્વગત " હે વિક્રમા ! આવી બન્યું તા'રૂં હવે,
બળવું નિરંતર વૈરની આગે વધુ નહિ પાલવે.
ક્યાં હું નહિ ? ક્યાં તું નહિ ? આજે ઉપાયો આદરૂં,
સાચું જુઠું સમજાવીને તુજ ભાઇના કાનો ભરૂં."

નિશ્ચય કરી પાકો હૃદયમાં યારને સમજાવીયો,
ખાસો ઘડેલો ઘાટ બે કામાંધને મન ભાવીયો.
દાખલ થઈ દાસી ખબર લાવી પધારે ભૂપતિ,
જે સાંભળી થઈ અશ્વપાલકની હશે કે'વી ગતિ ?

સૌ હોસકોસ ઉડી ગયા ને પ્રેમ બેમ ભુલી ગયો,
પ્રેમી મદિરાનો નિશો એ બેઉનો ઉડી ગયો.
"આવ્યો અહીં હું ક્યાં ? અરે ! ક્યાં ભોગ લાગ્યા માહરા,
ઓ ! મા ! મ્હને સંતાડ હું પાયે પડું છું તાહરા."

"શરણે પ્રિયા તા'રે હવે તો ઓથ મા'રે તું જ છે,
તું બાયડી, કે બ્હેન, મા, સૌ જે ગણું સરખું જ છે.
વાગી જવાના બાર બાપલીઆ ! હવે ! હા ! શું થશે?
તરવાર ગરદન પાર રાજાની નક્કી ઉતરી જશે."

ક્રોધે ભરાઇ પિંગળા બકવાટ ગાંડો સાંભળી,
પણ શું કરે ? ગભરાયલી થઇ ગાભરી ઉતાવળી.
ખાલી પડયો'તો ઓરડો જે એક ખૂબ અવાગરૂ,
ખોલી પૂર્યો મહીં ચોરને અંધારૂં ર્‌હેવા આકરૂં.

દર્પણ લઇને કેશ ચીર વ્યવસ્થ રાણીએ કર્યા,
ત્યાં તો અમરફૂળ રાય લઇ દરબારથી આવી રહ્યા,
હરખાતી સા'મી દોડી રાણી રાયને ભેટી પડી,
"મોડા પધાર્યા કેમ" મુંગુ કંઇક એ'વું બડબડી.

"વ્હાલે વધાવું આજ હું માલવપતિ મ્હારાજને,
સૌભાગ્ય સ્વામીનાથ ઇચ્છું ક્ષેમ નિત્યે નાજને."
પૂજા કરી પધરાવીઆ રાણી ઉતારે આરતી,
કો દેવ-દેવીની ગરજ દાંપત્ય જોડી સારતી !

કુમકુમ તિલક ભાલે કરેલું ભરથરીને શોભતું,
કંદર્પ-કાન્તિ ને લલાટ વિશાળ સુન્દર ઓપતું.
શું મ્હેલ-મંદિરમાં બિરાજી દેવ-મૂર્તિ તો નથી ?
ને દેવ-દ્વારે પિંગળા દિવ્યાંગના સમ લાગતી !

પ્રમદા મને પતિ દેવ લાગે વાત એ મ્હોટી નથી.
આજ્ઞા પ્રભુ!" કરજોડી ઉભી ધન્ય છે તુજને સતી!
આજ્ઞા ત્હુને ના જોય દેવી તું હૃદયમંદિરની,
જીતો તમે સ્હેજે થતી જ્યાં હાર મ્હોટા વીરની."

"તલવારથી છે તીવ્ર ઘા તરૂણી-નયનના બાણના,
કીરણ તમારાં તેજનાં અતિ તીવ્ર કરતાં ભાણના.
પાગલ બનાવ્યો પિંગળા! પૂરેપૂરો ત્હેં પ્રેમમાં,
એવી શી! કયાંથી? કે' ભરી, મોહીની ત્હારા નેનમાં?"

જાદુ ભર્યાં શાં આંખમાં જેથી અમે ઘાયલ થયાં?
આ નેત્ર-ચાળા શીખવે! એ'વાં ગુરુ કે'ને કયાં?
આંખલડીના અણુસારથી શાં કાળજે કામણ કર્યાં?
આ'વીજ ભુરકી નાંખવાંને ભસ્મધરીને શું વર્યાં?"

"અણિયાળી આંખે અવનવાં લુચ્ચી! અટકચાળાં કર્યાં,
ચતુરાઈથી ચતુરા તમે તન મન અને હૈયાં હર્યાં.
મંડપ વિષે પણ સ્હેન ચાળાં ખૂબ કીધા'તાં ગળ્યાં?
કો'ને?,જરાં કે કોણ એ ઉસ્તાદજી તમને મળ્યાં?"

"તિરછાં નયનના બાણથી બેધ્યાં હૃદય-દુર્ગો તમે,
પ્રેમાળ પિંજરમાં પુર્યાં આલી! હવે કેદી અમે."
"છો કોઇના નહિ નાથ પણ મ્હારા તમે હમ્મેશના,"
"વ્હાલા ભરી પાઓ તમારા પ્રેમના, પરમેશના."

પ્રેમી પ્રવેશો આ અને આગળ હજુ ભજવાઇ રહ્યાં,
રીસામણાં રાધા કન્હૈયા કાં'નનાજ શરૂ થયાં,
વાંકુ જરી કૈં પિંગળાને છેડખાનીમાં પડ્યું,
ત્યાં તો "મ્હને બોલાવશો ના જાવ" એ બ્હાનું જડ્યું.

રાજા મનાવે રાણીને " જો માન મા'રી વાતને,
પાસે હજુ હાં! આવ જો કંઈ કાનમાં કહું હું ત્હને."
પાસે ગઈ જ્યાં પિંગળા ચુમી ભરી ભતૃહરિ,
ઉલટી રીસાણી રાણી "લુચ્ચા! જાવ હા—બા—લ્યો વરી!"

" પાસે પધારો કૈં કહું બોલાવી ભોળી છેતરી,
અડશો નહિ મને હવે બોલાવશો ના—હા ફરી.
લુચ્ચાઈ મ્હેં જાણી તમારી વાત કે'વાની ખરી,
આ'વા અડપલાં આમ કરતાં કૈં વિચાર પડે જરી!"

" અપરાધ કરજો માફ દેવી હાસનો જો કંઇ થયો,"
કહી ભરથરી હી હી કરી ત્યાં ખડખડાટ હસી પડયો.
"હે જગત્ અંબા આપ તો કરુણાળુ બહુ કે'વાવ છો,
દ્રષ્ટિ દયામય નહિં કરો શું? આમ છેક રિસાવ છો."

"મુજ હાથમાં તંબુરી મુકી માબાપ તારાએ સુખી,
"સમજી!" તું મ્હારી માલીકીની ત્યારથી શો થઇ સુખી.
વસ્તુ મ્હને સોંપી પછી કે પૂછનારો કોણ છે?
મ્હા'રા વિના આ ચીજને ઉપભોગનારો કોણ છે?"



પ્રભાવતીની આત્મહત્યાથી દાસીનું બચાવવું

શેર.

"અબળા અરૂણા આજ આ, થઇ ભસ્મ સ્વર્ગે જાય છે,
ભારત દશાનું હાય ! આ શું ભાન તમને થાય છે ?
જાગો હજી વીર! અપ્સરા સ્વર્ગે ઉભી સત્કારતી,
જ્વાળા ગગનગામી બની શમશેર લ્યો પોકારતી.
કાયા તજો માયા મૂકી તમ ધર્મ રક્ષા કારણે,
ઓ હિંદુઓ! આવો! મરી કિરતારને પ્રિય બારણે'

આવા આવા અનેક શેરોથી ભરપુર ઐતિહાસીક સચીત્ર નોવેલ " વિનાશીની વામા અને રામરાજાનો સર્વનાશ " મંગાવીને વાંચો જરૂર તમને આનંદમાં ગરકાવ કરી દેશે. ધર્મને માટે પોતાના પ્રાણની પણ પર્વા ન કરનારી આર્ય વિરાંગના અરૂણાના આત્મભોગની સ્વદેશ પ્રેમીયો કેવી કદર કરે છે તે જાણવું હોય, હિંદુ રાજાના પ્રેમમાં પડીને મુસલમાન રમણીયે પોતાના માતાપિતાનો ત્યાગ કર્યો, અને તેનું આખર કેવું શોચનિય પરિણામ આવ્યું તે જાણવું હોય તો અવશ્ય મંગાવો. મુલ્ય રૂપીયા ૩). પૃષ્ટ ૩૫૦ ગ્લેઝ કાગળ નવ ચીત્રો બધા બુકસેલરો વેચે છે.

મુદ્રક-નાથુભાઈ દેવચંદ. મુદ્રણાલય-દેશી મિત્ર પ્રેસ સુરત.

"વારૂં ! નહિ બોલે ! ખરૂંને ? એમ કે ! તો જાઉં છું,
લે બેસ ત્યારે ચંદ્રિકાને મ્હેલ હું સિધાઉં છું.
શું સાંભળ્યુ કે ? જાઉં છું....રે'જે હવે તું માનમાં,"
"જી...હા....ખુશીથી જાવ....બેલાશક પધારો ના તમો."

ફાવ્યો ન દાવે ભરથરી ! પાસો અરે ! અવળો પડયો,
સમજાવવી શી રીત ? ત્યાં ઉપાય અત્યુત્તમ જડયો.
રૂમાલથી છોડી અમરફળ બ્હાર કા'ડયું હાથમાં,
દેખાડતો બોલ્યો "જરા ! જો તો ખરી આ પ્રિયતમા!"

"હાં ! હાં ! " કરી કર સાહીને રાણી હૃદય વળગી પડી,
"વસ્તુ અલૌકિક આપને પ્રાણેશ કયાંથી એ જડી ?"
જ્યાં જાય લેવા પિંગળા રીસાય ત્યાં ભતૃહરિ,
" નહિ બોલવાની તું હતી ને ? કેમ બોલી હેં ! પૂરી?"

"નખરાં કરો કોટી છતાં આખર અમારી જીત છે,
ખેંચાવ લો'ચુંબક સમા એવી અમારી પ્રીત છે.
લે બોલ કે 'હારી હવે જીત્યા તમે' કે'વી મઝા ?
લે બેસ જાવું અમરફળ આ આપવા લઇશું રજા."

"કયાં જાવ છો ઉભા રહો જાવુ હવે સ્હેલું નહિ,
કો'ને અમરફળ આપવા લઇ જાવ ? કો' ન્હેલું અહિં.
પરણ્યા અને બાળી અમારો ભવ હવે જાવો કહિં !
જાવું હતું તો હાથ પકડી શીદ કો' લાવ્યા અહિં ?"

"મંગાવ્યું રાણી વ્હાલીએ ! હું અર્પવા એ જાઉં છું.
એને દીધો છે કોલ મ્હેં જઈ આપવા બંધાઉં છું."
"મા'રા થકી વ્હાલી વધુ કો' કોણ એવી નાર છે ?
મુજથી વધારે કો'ની સાથે પ્રાણ ! તમને પ્યાર છે ?"

"પ્યારી તમારી કોણ ? ને કયાં રે'છ એ ? શું નામ છે ?
સૌન્દર્ય એ'વું કેટલું ! જે તમ હૃદય-વિશ્રામ છે ?"
સાંભળ સુભાગી પિંગળા ! શું રૂપનું વર્ણન કરૂં,
શીતળ ફુવારો પ્રેમ-પાણીનો જતાં પાસે ઠરૂં."

"સૌન્દર્યમાં લાલિત્યમાં માધુર્યમાં ત્હારા સમી,
બારે ઘડી મ્હારે મને એ સુન્દરી રહી છે રમી."
"પણ નામ શું ? તે તો મ્હને કો'ની હૃદયવલ્લભ જરા !
અમને બનાવો આમ શું કેવારનાં ? કો'તો ખરા ?"

"છે પિંગળા પ્યારૂં મધુરૂં નામ એ મહિલા તણું,
કે' એમ ! સર્વ કબુલ ! તે એની હું હામે હા ભણું.
તે દિવ્ય દેવી આજ છે સ્થાપિત હૃદયમંદીરમાં,
મૂર્તિ મનોહર દેવીની તે તુંજ બીજી કોઇ ના."

હસતાં ગુલાબી ગાલ પર ધીમો તમાચો મારીયો,
ભર્તૃહરિએ ભોળવી ભામિની-ક્રોધ વિસારીયો.
શરમાઈ ગઈ ત્યાં પિંગળા મુખચંદ્ર સ્હેજ નમી ગયું,
આછું મધુરૂં મંદ સ્મિત અધરો ઉપર વિલસી રહ્યું.

દીધું અમરફળ ભરથરીએ પિંગળાના હાથમાં,
ક્યાંથી મળ્યું ” વિસ્તારપૂર્વક તે કહ્યું સંગાથમાં.
“લાવી કટારી કાપ ને આરોગ જોઉં સુન્દરી ?
રીઝાવ હમ્મેશાં મ્હને યૌવન અમર ત્હારૂં કરી.”

“હમણાં નહિ રાખો સ્હવારે સ્નાન–પૂજા સૌ કરી,
ખાવા પછી હું પ્રેમથી તમ ધ્યાન અંતરમાં ધરી.
“વારૂં ભલે ! પણ ભૂલજે ના....ગાન ગા જોઉં કંઈ !
બહુ વાર વીતી તોય કોકિલકંઠની ઝાંખી નહિ.”

ઉંચુ અમરફળ એ મુકી કરમાં વીણા લીધી અહા !
મીઠા સુરે આલાપથી શરૂઆત કીધી પિંગળા !
લહરી પવનની આવતી તે ગાનને ખેંચી જતી,
ગાંધર્વ–કન્યા કિન્નરી તો મ્હેલમાં ગાતી નથી ?

પિંગળા.... “ કન્હૈયાની હોળી ”

[ગઝલ]

ગોપી....કન્હૈયા કા’ન જાવા દે....હવે તો હદ થઈ પ્યારા,
નથી હોળી મ્હને રમવી ત્હને સોગન દઉં મ્હારા.
પુંઠે પિચકારી લઈ દોડી મટુકી મહી તણી ફોડી,
કરી નુકશાની શું થોડી ? હજુએ છાંટતો ધારા.
અરેરે ! ચુંદડી ચોળી બધી આ કેશુડે બોળી,
વિખેરી વેણી જે ઓળી છતાં થાકયા ન કર ત્હારા.

બધીમાં ત્હેં મ્હને ભોળી ઠગી ગોપી ગણી ભોળી,
ધસઇ હું રમી હોળી ઠગારા બંસી ધરનારા.
હવે ! બસ બહુ થયું રાખો ! જશોદાના ચિરંજીવી,
પ્રભુજી ! પાથરૂં પાલવ પડું હું પાયમાં ત્હારા.
બળ્યું કાને ધરે શું ના ? કહેવું નંદના લાલા ?
રમુજી છોડ આ ચાળા....(જા જે હાં !)
હમારા (પણ) આવશે વારા.
હું તો હારી હવે બા ! તું હજુ શું હાય ! છાંટે છે,
કૃપા કર છોડ પિચકારી નહિ વરસાવ અમી–ધારા.
ગ્રહ્યા કર ગોપીએ દોડી દીધી ઢોળી રહી થોડી,
વદી વન્દી દ્વિકરજોડી "કન્હૈયા ધન્ય તુજ હોળી."

ભર્તૃહરિ....બસ હવે છેવટની એક પેલી '**કન્હૈયાની બંસી**'

[રાસ]

ગોપાંગનાઓ....

અલી ! વાગી કન્હૈયાની બંસી....
ઓ બ્હેની ! વાગી કન્હૈયાની બંસી....
બોલ ? આવે છે તું ? આ....જાઉં હું હું !
એ'માં વિચારે શું ? આમ ઘેલી....
ચાલ ચાલ....વાગી.
હવે રાખને વ'લોવું ! તા'રૂં રે'વા દે દો'વું,
શાને સંગીત ખોવું ? સાહેલી....
ઉઠ ઉઠ....વાગી.

પેલી રાધા જો જાય ! બળ્યું મોડું શું થાય !
પ્હેર પટકૂળ ને ચાલ વ્હેલી વ્હેલી....
દોડ દોડ....વાગી.
લે લે ગાગર સંગાથે, ચાલ મૂકી દે માથે,
સાથે જમનાના પાણીડાં ભરાશે....
ચુપ ! ચુપ....વાગી.
શાં સુરીલાં છે સૂર ! શાં અનેરાં એ નૂર !
છૂટે જાદુના પૂર હર્ષ હેલી....
મીઠી મીઠી....વાગી.

સંગીત સાથે તાલ ને ઠેકા ભુલે છે પિંગળા ?
બેચેન જાણે હોય ના ! ઢોંગો કરે છે પિંગળા !
ભતૃહરિ બોલ્યો "કહે ના કે' તું આજ ઉદાસ છે,
સંગીતમાં ભૂલેછ તું" "મિથ્યા પ્રભુ ! આભાસ છે."

"મિથ્યા નથી પણ સત્ય છે, માધુર્ય તુજ કંઠે નથી,
ગાવે ચુકે છે કેમ તું ? શું પ્રકૃતિ સારી નથી ?"
"કંઈ સાર કે'વામાં નહિ [છોડો હવે એ વાતને,
કારણ નજીવું, માલ ના, પડતી મુકો પંચાત એ."

મર્માળ બોલો સાંભળી રાજાથી રે'વાયું નહિ,
છૂપું દરદ અર્ધાંગનાનું સ્હેજ સ્હેવાયું નહિ.
પૂછ્યું "કહી દે ગુપ્ત એ'વી સ્વામીથી શું ચીજ છે ?
કહી નાંખ કે ગંભીર ગમગીની તણાં શું બીજ છે ?"

"ઉપચાર કરીએ ચાંપતા નહિ રાખ મુઝવણમાં મ્હને,
જે હોય પડદો ખોલ તે નિઃશંક સોગન છે ત્હને."
બી'તી બી'તી બોલી બિચારી ભાવ કરતી અવનવા,
"કાલે ગયા મ્હાદેવ-દે'રે આપ જ્યારે પૂજવા."

"ન્હાના તમારા ભાઇ વિક્રમ તે સમે આવ્યા હતા,
છે છૂટ અહિંયા આવવા તેથી ન અટકાવ્યા હતા.
ઉપજી મતિ એ'વી શું? કે કુદ્રષ્ટિ મ્હારા પર કરી,
તમને કહું શું હાય! જાયે નહિ કહ્યું જીભે જરી!"

"બોલ્યાં અઘટતાં વેણ ને નિર્લજ્જ માગણી હા! કરી,
પણ મ્હેર શ્રી મહાદેવની! કે કિંકરી આ ઊગરી.
ખોટું કહ્યું 'આવ્યા તમે' બ્હીવડાવવા કામાંધને,
ચાલ્યા ગયા ગભરાઇને આવે ભરોસો આપને?"

"આવે નહિ વિશ્વાસ જાણી કાંઇ પણ બોલી નહિ.
ગૃહ-એબ સ્વામીનાથ! મ્હેં આ જીભથી ખોલી નહિ."
કલ્પિત કથા આ સાંભળી ભર્તૃહરિ ગુંચવઇ ગયો,
'શું જાગતો કે ઉંઘતો હું' એજ બ્રાન્તિમાં પડ્યો.

[સ્વગત.]

"દાનત બગાડી વિક્રમે ઓ દેવ! હું શું સાંભળું?
સાકર બને સોમલ જરી સત્યાંશ એ'માં શું ખરૂં?
શું સાંભળું હું? આજ અકકલ કામ કંઇ કરતી નથી,
આ સત્ય છે? કે સ્વપ્ન છે? સમજણ જરા પડતી નથી."

" ના—ના બને નહિ વાત માન્યામાં કદી આવે નહિ,
ખુલ્લા સવિતૃ દેવમાં શંકા કરો! ફાવે નહિ.
વિક્રમ વિશુદ્ધ હૃદય તણો અવકૃત્ય આ'શું ના કરે,
જુઠ્ઠી હશે શું પિંગળા ત્યારે? કયું સાચું ખરે?"

" પણ ના....વદે ખોટું ચ'ડાવે આળ એ'ને ઝે'ર શું?
આરોપ શાને એ મુકે વિક્રમ'ી એ'ને વેર શું?
બાકી જુઓ તો બેઉ એ એકેકને ચાહે બહુ,
માતા ગણે જ્યાં પિંગળાને પૂજ્યભાવે! શું કહું?"

[પ્રકટ.]

બોલ્યો પ્રકટ "મમ ધ્યાનમાં આ વાત તુજ આવે નહિ,
જોયું હશે સ્વપ્નેજ જે ભણકાર મે'લાવે નહિ.
નહિ તો ખરૂં પૂછે! કહું વિશ્વાસ વિક્રમનો મ્હને,
કદિ તું ચળે પણ એ ચળે એ'વું કદાપિ ના બને."

"એ કેમ માન્યું જાય? હીરો પત્થરે પલટાઇ ગયો!
સાક્ષી પુરે મુજ હૃદય કેરો નાદ 'નીચ નથી થયો.'
સૌન્દર્ય ત્હારૂં જોઇ રાજા ઈન્દ્ર ભાન ભુલી ગયો,
માન્યું મનાએ એ હજુ પણ ભાઈ મમ બાજુ રહ્યો."

"તુજથી વધુ વ્હાલી! મ્હને એના ઉપર વિશ્વાસ છે,
તું માન ત્હારે માનવું....આ! ઝાંઝવા-જળ-ભાસ છે."
" જોયું? હતી હું જાણતી કે કોઇ આ માને નહિ,
જુઠ્ઠી પડી કે'વા જતાં જરીએ ધરી કાને નહિ."

"'અબળા હું મોઇ અભાગણી જે વાત મ્હેં તમને કહી,
ધિક્કાર મ્હારી જાતને કે વાત પેટે ના રહી.
આ પિંગળા ખોટી ઠરી જીવન હવે ધરવું નથી,
વિશ્વાસ ઉઠયો ખોળીઉં વ્હાલું હવે કરવું નથી."

"જાતે પતિ માને નહિ તો લોક તો કયાંથીજ હા ?
જુઠી ઠરાવો આપ જ્યાં રાખે બિજા બાકીજ કાં ?
વર્ષો થયાં સાથે રહ્યાં વિશ્વાસ તોયે ના પડયો,
શું ? અર્થ અનુવિશ્વાસિનીનો દે' રહ્યો યા ના રહ્યો ?"

ઢાંગી ખરાવે આંસુડા ધિક્કાર દેતી જાતને,
બાકી ન રાખ્યું કાંઇ પણ સાચી ઠરાવા વાતને.
આ આંસુડાથી ભૂપ ભોળો ભોળવાઇ સ્હેજે ગયો,
વિક્રમ ઉપર નિજ હૃદયમાં શંકા ફરી આણી રહ્યો.

" સોગન તમારા નાથ ખોટી વાત જો આ હોય તો,
આથી વધુ શું જોઇએ તમને પ્રતિતિ નાથ કે ?"
ગદ્ગદ સ્વરે રડતી નિહાળી રાજવીએ પિંગળા,
પિગળ્યું હૃદય બેઠી કરી ભૂમિ ઉપરથી પિંગળા.

ચાંપી હૃદય સરસી અને આંસુ રૂમાલે લુછીયાં,
ભૂલે ભલા ! સ્ત્રી—ચરિત્રથી! તો ભરથરી લેખે કયા ?
"રડતી રહે ! લે ! પિંગળા હમણાંજ હું આ જાઉં છું,
'શું સત્ય છે?' એ વાતની સત્વર તપાસ કરાઉં છું."

" એ'વી ઉતાવળ શું પ્રભુ? બોલ્યા વિષે નહિ ફાયદો,
થાયું ન થાયું થાય ના કિરતારનો એ કાયદો.
ઘર ફૂટતાં ઘર જાય! કાંઇ એમને કે'શો નહિ,
મોટો ગુહ્નો મન મોટું રાખી લક્ષમાં લેશો નહિ."

બહુ બોલી ડાહ્યા બોલ શંકા હૃદયમાં સજ્જડ કરી,
વિક્રમ ઉપર બહુ વ્હાલ છે નહિ દ્વેષ જાણે કંઇ જરી!
પ્રેમાંધ રાજા ક્રોધમાં એ મ્હેલને ત્યાગી ગયો,
ને આ પ્રસંગ અપૂર્ણ આ ઘટના તણો અહીંથી રહ્યો.

* * * *

[ઉપજાતિ]

લીધી રજા રાજવી એ ગયો જ્યાં,
કામાંધ એ યાર છૂટો થયો ત્યાં.
" માંગી રજા " ઘેર જવાની જ્યારે,
" થોભો જરા " પિંગળા બોલી ત્યારે.

[અનુષ્ટુભ્]

ઉશ્કેર્યો કયમ રાજાને....વાત વિસ્તારી તે કહી,
લાવી ફળ આપ્યું રાણી....ગૂણ સમજાવી રહી.

[ઉપજાતિ]

આરોગી વ્હાલા! થાજો અમર હા!
જો જો પડે ના કોને ખબર આ.
વ્હાલું નથી કોઈ મ્હને તમોથી,
નીભાવજો પ્રીત કરી અમોથી.

[હરિગીત.]

લઇને **અમરફળ** મૂઢ એ'વો **અશ્વપાલ** ગૃહે ગયો,
આ ભેટ કરવું વ્હાલીને! એવા તરંગ ઉરે થયો.
ઉજ્જયિનીમાં વારાંગના પ્રખ્યાત નામ **કલાવતી**,
જ્યાં નિયમસર આ અશ્વપાલકની સવારી આવતી.

આપ્યું **અમરફળ** હેતથી જઈ **અશ્વપાલે** ત્યાં અરે!
"સંગીત થાવા દે હવે....જેથી હૃદય વ્હાલી ઠરે!"
બેભાન બન્ના મ્હારમાં....પ્યાલી ઉપર પ્યાલી ભરે,
સ્વર્ગીય એ'વો સ્વાદ શું? તે કંઠમાં ખાલી કરે.

મન **અશ્વપાલ** મનાવવા સંગીત છોડયું સુન્દરી,
આકાશ-ગંગા શું નહિ શંકર-શિરે જાણે સરી!
રમણી નુપુર—ઝંકાર જેવાં તાર ઝણુ ઝણુ થઇ રહ્યાં,
પાણી-ગ્રહણ કરી કંઠ-વીણા બેઉ એક થઇ ગયાં.

પનઘટપે મ્હને [નૃત્ય-તર્જ] છેડી...રાજ.

કલાવતી—રે...મહિના મટુકી મા'રી ફોડી...એ નંદલાલે...
દેખાડવા હું તો દોડી...જશોદાને—મોહિના૦
ત્યાં તો પછાડીથી પાલવ સાહ્યો, (૨)
ખેંચાતાણીમાં મા'રો સાળુ વિખાયો. (૨)
વેણી વિખરાઇ, (૨) શ્વાસે ભરાઇ, (૨)
મોહનમાળા મા'રી તોડી......કન્હૈયાએ૦

હાથો ખેંચી ખેંચી કંકણુ નંદવ્યું, (૨)
નાકની નથનીમાં મોતી નથી રહ્યું, (૨)
કમર લચકાય (૨) ભમર ભિંજાય (૨)
(છેવટ !)
પજવી પજવીને મ્હને છોડી...છેલૈયાએ...મહિની૦

એ અશ્વપાલ ગયો પછી વેશ્યા મને વિચારતી,
" જે ચીજ દુર્લભ દેવને, આરોગવા લલચાવતી.
આવી અનાયાસે વિભુ ! વારાંગનાના હાથમાં,
ચરણે મુકુ જઈ ભેટ આ....સદ્ધર્મિ માલવનાથના."

"આરોગી શું આ'ને અમર થઈ આ'વું જીવન ભોગવું ?
ઓછાં કર્યાં છે પાપ તે જીવી વિશેષ કર્યે જવું.
આ જીંદગી પાપી હુવે લંબાવવી મ્હારે નથી,
આ ભૂમિને દુષ્કૃત્યથી વધુ મારવી ભારે નથી."

"રાજા અમર થઈ ન્યાયથી માલવ—પ્રજાને પાળશે,
કંઈકો નિરાશ્રિત રંકના નિર્ધનપણાને ટાળશે.
આ'વા વિચારે ફળ લઈ શૃંગારસજ્જ બણીઠણી,
રાજેન્દ્રને ગઈ આપવા દરબારભુવનની ભણી.

* * * *

આ વાત ત્યાગી વાંચીએ ભર્તૃહરિયે શું કર્યું,
જે કાજ ફેંક્યું તીર રાણીએ સર્યું કે ના સર્યું.
આવી ઉભો વિક્રમ વડીલ ભ્રાતા કને તેડાવતાં,
" આજ્ઞા શું મ્હોટા ભાઈ ? " કરજોડી વદ્યો એ આવતાં.

વાણી ખુલી ભર્તૃહરિની રક્તમુદ્રા શું થઈ ?
જે લાગણી મનમાં હતી પ્હેલાં હવે તે ના રહી.
" **વિક્રમ** ! કહે તું કાલ રાતે ક્યાં ગયો'તો સત્ય એ,
જાણુંછ હું નાહક ન દેતો સ્થાન મ્હોંડે અસત્યને. "

અવલોકી મુખમુદ્રા અચાનક વ્હેમ વિક્રમને પડયો,
શા માટ પૂછયો પ્રશ્ન આ ? તર્કે વિતર્કે એ ચ'ડયો.
કમળો થયેલો હોય તે પીળું પીળું સઘળે જુએ,
દ્રષ્ટિ શુભાશુભ હોય તેવી શુભ અશુભ સૃષ્ટિ જુએ.

"ફિકકો પડેલો જોઇને શંકા સબળ થઈ છે મને,
ફાંફાં શું મારે નીચ ? પૂરો ઓળખ્યો છે મ્હેં ત્હને.
કે' જોઉં કાલે પિંગળાને મ્હેલ શા માટે ગયો,
માથેછ મ્હોટાભાઈ તે'નો ધાક શું વિસરી ગયો."

" કૂદ્રષ્ટિ ભાભી પર કરી આંખો ફુટી ગઈ કેમ ના,
લૂલી કપાઇ કેમ ના....ઉચ્ચાર કરતા પ્રેમના. "
અણુચિંતવ્યો આરોપ વિક્રમ સાંભળી સ્થંભી ગયો,
સમજયો નહિ નાટક બન્યો શું ભેદનો ભજવાઇ રહ્યો.

બહુ ઝાળ લાગી અંગમાં હિંમત કરી બોલ્યો પછી,
"ઓ ભાઈ! મ્હોટાભાઈ! શુધ્ધિ આપને શું કૈં નથી. ?
કો'ને કહો ? ને શું કહો ? એ વાતનું કૈં ભાન છે ?
શું વાત ? પાયો વાતનો ? શાનાં બધાં તોફાન છે ?"

"સમજ્યો ? નિશામાં હું નથી સંપૂર્ણ મુજને ભાન છે,
છે ભોટ નહિ આ **ભરથરી** શું બોલું છું તે ધ્યાન છે.
મુજને ઉડાવે આમ અણુજાણ્યો બની નહિ સ્હેલ એ,
ગંભીર ન્યાય-વિષય રહ્યો નહિ બાળકોના ખેલ છે."

"પાપી પ્રપંચી નીચ ત્હેં વિશ્વાસઘાત મહા કર્યો,
અવળું સુઝયું બુદ્ધિ બળી ગઈ છેક દી ત્હારો ફર્યો."
"ઓ ભાઇ બંધ કરો તમારૂં બોલવું સાચું કહું,
આગળ હવે સૂણાય ના મ્હોટા ગણી સૂણી રહું."

"જોયા વિના જાણ્યા વિના અન્યાય મુજને થાય છે,
આ એકતરફી વ્હેમ ચોખ્ખો પક્ષપાત કરાય છે.
રે ! ન્યાયનો નિર્મળ ઝરો વ્હેતો બધો સૂકાય છે,
સદ્ધર્મ નીતિ ન્યાય સૌ તમને તજી શું જાય છે ?"

**"કુંકુ તમારી કીકીએ કાજળ ! અરે ! દેખાય છે,
હીરો પડયો છે પાસ પણ તે કાચ અવલોકાય છે.
સઘળા જુએ છે સુર્ય ને તમને શશિ દેખાય છે,
શંકા મ્હને તો આપના અસ્તિત્વમાં પણ થાય છે."**

"पुरवार वांक प्रथम करो साक्षी पुरावा केटला,
आरोपी शुं के' छे घटे तेंनुंय सांभळवुं भला. !
दोराइ पाजीखोरथी सत् मानवुं ए भूल छे,
भरमाई संशय आणवो भंभेरणीथी भूल छे."

"वादी प्रतिवादी तणुं के'वुं बराबर सांभळो,
दिलथी करो दुर व्हेम ! ए ! नरने बनावे आंधळो."
"ब्हाना जवा दे आ बधा कंइ कान पर धरवुं नथी,
भाषण नीतिनुं भरथरीने ता'रुं सांभळवुं नथी."

"जा काळुं कर भाइ गणीने जीवतो छोडुं त्हने,
बस आ पळे ने आ क्षणे तुं त्याग म्हारा राजने.
आ भरथरीना राजनी अंदर कदी रे'तो नहि,
जीवे मरे तुज भाइ म्होटो ए खबर लेतो नहि."

"न्होती खबर विक्रम ! म्हने अफसोस ! तुं आ'वो हशे,
पासे रहीने, भाइनुं हुंतुं घर अरे ! चेतावशे.
कीर्ति उपर पाणी मुकयुं शीख्यो बहु पण धूळ ए,
कंई झाड सुन्दर देखवामां झे'री जे'ना मूळ छे."

"साबीती शी मांगे वधु ज्यां पिंगळा जाते कहे,
बहु बहु करीने केटला दिन पाप ते ढांकयुं रहे ? "
" तो जाउं छुं भ्राता हवे बे बोल म्हारा सांभळो,
कारण भविष्ये शुं खबर ? पाछा मळो के ना मळो."

"હમણા કહેલું સર્વ કડવું ઝે'ર જેવું લાગશે,
પણ યાદ કરશો કોઈ વેળા જબરી ઠોકર વાગશે.
જે પિંગળાના પ્રેમમાં આંખો ગઇ છે આપની,
અદ્રશ્ય થઇછે સમજ–શકિત પુણ્યની ને પાપની."

"તે પિંગળા પ્યાલી ભરીને ઝે'ર તમને આપશે,
જેને લગાડો છાતીએ ગરદન તમારી કાપશે.
હમણાં નહિ માલમ પડે, આંખો નહિ આ ઊઘડે,
પણ ભાન ત્યારે થાય ફટકો જ્યાહરે માથે પડે."

"ખત્તા તમે ખાશો પછી પાછળથી પસ્તાશો તમે,
દિન એક એ'વો આવશે આંખો ભરાશે તે સમે.
હમણાં નહિ સુઝશે કંઈ અમૃત અગર એ ઝે'ર છે,
મેવા, મીઠા મિષ્ટાન્ન જે ! તે બે ઘડીની લ્હેર છે."

"દોષિત ગણીને હાલમાં ભાઈ મ્હને ધિકકારશો,
પણ વખત આવે ! ભાઈ! મ્હારા ભાઈ! કહી પોકારશો.
ચારિત્ર્ય ને વર્તન ઉપર છો ! હાલ શંકા આણશો,
એકેક મ્હારા શબ્દની કિંમત સમય પર જાણશો."

"વૈરી હિતૈષી હું હતો કે'વો તમે સંભારશો,
ઓલો બધાં સંભારી આ આંખેથી આંસુ સારશો.
કો'ની થઈ છે નાર કે! હો! ભાઈ! થાશે આપની,
બાળે ચિતા ન શ્મશાનની પણ બાળશે સંતાપની."

"વિશ્વાસ નારીના વચન પર કો કદી કરશો નહિ,
ભંભેરણીથી ભોળવાઇ જઇ કાનને ભરશો નહિ.
લ્યો જાઉં છું હા! જાઉં મ્હોટાભાઈ! મા સંભારજો,
વિક્રમ પછાડી આંસુડા બેએક પણ નહિ પાડજો."

"સેવા વિષે તૈયાર! પડતાં કામ કંઇ બોલાવજો,
છેવટ કહું વિશ્વાસ રાણી પર બહુ ના રાખજો."
ત્યાગી સદાનો મ્હેલ, ભાઇ, ભાળવા, વિક્રમ ગયો,
જંજાળ દુનિયાની તજી યોગાશ્રમે જઈને રહ્યો.

બીજે દિને ભર્તૃહરિ રણવાસમાં જ્યારે ગયો,
વિસ્તારીને વીતક પ્રસંગ સખેદ રાણીને કહ્યો.
કલ્પાંત કીધું રાણીએ નિજ ધૂર્તતાને ઢાંકવા,
"ઘેલાં પિયુ! શા દેશપાર–હુકમ દિયરને આપવાં?"

"આઘાત લાગ્યો હૃદયમાં શું હોય ના? ત્યમ બોલતી,
પોકળ હૃદય–પડદાં બહુ ડુસકાં ભરી ભરી ખોલતી.
તવ ભરથરી બોલ્યો "જવા દે થઇ ગયું, તે થઈ ગયું,
આરોગ્યું પેલું અમરફળ કે એમનું એમજ રહ્યું."

"ના અરે!! રે ભૂલાય એ તે! સ્વામી! શું ગાંડા થયા!
હે દેવ! આ દેવી તમારાં કયારનાં એ ખૈ ગયા."
આ વાત ચાલે છે તહીં પરિચારિકા દાખલ થઈ,
'મ્હારાજ! કા'વ્યું છે સચીવે બ્હારથી વન્દન કહી."

વિનાશીની વામા.



આર્ય નારીનું ઊંધે મસ્તકે ધર્મ પ્રેમને લીધે લટકવું

"વિક્રમ ગયાથી ભૂપતિ! હો! હા! પ્રજામાં થઈ રહી,
હડતાલ હાટે ચોકમાં રૈયત દિવાની થઈ ગઈ.
સરદાર ને સેનાપતિ પણ ખૂદ ઇચ્છે છે રજા,
એ'વો ગુહ્નો શો ભાઇનો ગંભીર? જે આ'વી સજા?"

ભૂપાળ સંભ્રમમાં પડયો બોલ્યો પૂરી દાસી પ્રતિ,
"જા જઈ કહે દરબારમાં હમણાં પધારે ભૂપતિ."
ઉત્તર કહાવી પિંગળાને મ્હેલ નૃપ છોડી ગયો,
ગંભીર ચ્હેરે શોકથી દરબારમાં આવી રહ્યો.

બોલ્યાં પછી "સઘળા તમે સમજુ છતાં આ શું કરો?
રાજા તમારો ધર્મ ચુકે! વ્હેમ દીલે કયાં ભરો?
અન્યાય મ્હારા હાથથી થાશે ન કોને ના થયો,
ગુહ્નો કર્યા વિણ ભાઈ મ્હારો નગ્ર શું છોડી ગયો?"

"ચાહો તમે, હું ચાહું છું, મ્હારો સગો એ ભાઇ છે,
પણ ન્યાય પ્હેલો ને પછી સંબંધ, સ્નેહ, સગાઇ છે:
આ ન્યાયના પલ્લા વિષે નહિ પક્ષ કોનો થાય છે,
સર્વે સમાન પછી ભલે હો રંક યા તો રાય એ."

"ડાંડી નમે જે'ની પ્રતિ તરફેણમાં તોળાય તે,
ઉંચકાય જે'નું ત્રાજવું તે'નેજ શિક્ષા થાય છે.
મા, બાપ, ભાઇ, બ્હેન, સ્ત્રી, સ્નેહી સગાંના વ્હાલને,
બાજુ મૂકાયે ન્યાય એક કુબેરથી કંગાલને."

"પોતે કરેલા પાપ ભોગવવાં બધાંયે જાય છે,
છે દોષ એ'ના દૈવનો કર્મે લખેલું થાય છે.
જે જે સમય નિર્મિત જે તે તે સમય તે થઇ રહે,
દુનિયા ભરી સુખ-દુઃખથી હમ્મેશ રડવું પાલવે!"

મોંઘમ વદીને ભરથરીએ સર્વને સમજાવિયાં,
"માથું ભમે મ્હારૂં" કહી નિજ મ્હેલ ભૂપ પધારિયાં.
આ વાતને વીતિ ગયાં છે બે દિવસ આજે અહા,
સિંહાસને દર્શન થતાં માલવપતિ મ્હારાજના.


દરબારમાં ચર્ચા રસીલી "પ્રેમ" પર ચાલી રહી,
ત્યાં તો અમરફળ સાથ લઇ સ્વારી કલાવતીની થઈ.
છોડી અમરફળ હેતથી ભર્તૃહરિ ચરણે ધર્યું,
પાછુ જવા આ ભેટ મૂકી એક પગલું જ્યાં ભર્યું.

ત્યાં તો "સબૂર" ધ્વનિ તરત કાને કલાવતીને પડયો,
"ક્યાંથી મળ્યું આ ફળ ત્હને?" ભર્તૃહરિ પૂછી રહ્યો.
"મ્હારાજ! યોગીએ દીધું," "દે'નાર ક્યાંના એ ઋષિ?"
મળવું મ્હને મેળાવ એને એ'વી ઈચ્છા ઉર વસી."

"ચાલ્યા ગયા એ તો પ્રભુ!" "ત્હારે ગૃહે કેમ આવીયા,?
સાધુ પછી વેશ્યા-ભવન શું જોઇને શોભાવીયાં?"
ઝાંખી પડી વારાંગના વાણી બધી તૂટી રહી,
આ અટપટા પ્રશ્ને કરી બુદ્ધિ બધી ખટી ગઈ.

⁂ રાજા ભરથરી ⁂

રાજા ભરથરી અમર ફળ ફરીવાર જોઇને અચંબો પામે છે.



'ભરથરી કહે રાણી' અમરફળ આ તને ક્યાંથી મળ્યું '

" જુઓ વધાં તેને નારાજ તે તો ભાગ્યે આવી બન્યું "

રાજા ભરથરીના ક્રોધ, અને અશ્વપાળના ગભરાટ.

જોશી આર્ટ પ્રિંટિંગ વર્કસ, બાજારગેટ કોટ, મુંબઇ.

સમશેર કા'ડી ભૂપતિયે લાલ આંખોથી કહ્યું,
"સાચું કહી દે સાંભળ્યું ત્હેં પાપ તે ઢાંકયું રહ્યું ?
તરવારથી ટુકડા કરૂં....જુઠું વદી જો ભામની,
ક્યાંથી મળ્યું તુજને અમરફળ આ? કહી દે કામની."

"આપ્યું તમારા અશ્વપાલે....કાલ આવીને મ્હને,
નિર્દોષ છું રાજેન્દ્ર હું જાણું વધુ ના વાત એ.
લાગ્યું અયોગ્ય મ્હને.... થઈ વારાંગના આરોગવું,
લાવી તમોને ભેટ ધરવા સત્ય સ્વામી માનવું."

આજ્ઞા થતાં નૃપની અનુચર અશ્વશાળે સંચર્યો,
લાવી સભામાં રાય સન્મુખ અશ્વપાલ ઉભો કર્યો.
"સત્વર કહો પાજી ! અમરફળ આ ત્હને ક્યાંથી મળ્યું!
જુઠું વદયો જો સ્હેજ જો તો જાણજે આવી બન્યું."

વારાંગનાને જોઇને સૌ હોસ-કોસ ઉડી ગયા,
મ્હોડું બન્યું'છ દયામણું ને ટાંટીયા થથરી રહ્યા.
માથું ભમે ભણુકાર ડંકા મ્હોતના વાગી રહ્યા,
હોચાં જીભે બહુ બોલવા ઇચ્છા છતાંય વળી રહ્યાં.

'મ....મ....મા'....રા....જ કો....કો....કોઈએ આપ્યું હતું,'
'બસ ચુપ ! કોઈ ! 'તે કહે એ આપનાર કયું હતું ?'
આજ્ઞા કરી સેવક ઉભેલાને નૃપે ફટકાવવા,
જ્યાં માર માંડયો મારવા ત્યાં વાર શી રે' માનવા ?

"પિ....પિ....પિ....પિંગલા" ને ભરથરી હેઠો પડયો,
ઉપચાર કીધાં અવનવાં ત્યારે ફરી સાવધ થયો.
"તા'રો અને એ'નો સમાગમ કેમ ? કયાં ? કયાંરે થયો?"
ભતૃહરિયે પ્રશ્ન આ સાવધ થતાં સાથે પૂછયો.

[અય માતૃભૂમિ તેરે...રાહ]

નૃપ અભયદાન આપો...એ અશ્વપાલ બોલ્યો,
આ જીંદગાની બક્ષો...એ અશ્વપાલ બોલ્યો.
માફી હું દીન માંગુ! સાચું બતાવું બાપુ!
કો' "અભયદાન" આપું...એ અશ્વપાલ બોલ્યો.
રે! અભયદાન દીધું...મન મ્હોટું રાયે કીધું,
તવ ભેદ અશ્વપાલે...આદિથી અંત ખોલ્યો...નૃપ:

[હરિગીત.]

"સંબંધ આડો રાણીને....મ્હારાજ મ્હારી સાથમાં,
જેથી કરી આવ્યું અમરફળ આ પ્રભુ ! મમ હાથમાં.
વિક્રમ તમારો ભાઈ નડતર રૂપ રાણીને હતો,
આ વાત જાણી જાય જેથી હું દિલે ડરતો હતો."

"મ્હારાં કહ્યાથી રાણીએ બહુ આપને ભંભેરીયાં,
બાપુ ! તમારા ભાઈને ખોટું વહી ખડતાં કર્યાં."
ઇતિહાસ આ'વો :સાંભળી ક્રોધે ભરાયો રાજવી,
વાણી ભયંકર સાદથી એ અશ્વપાલકને કહી.

"જા....જા.... જવા દઉં જીવતો આ રાજમાં રે'તો નહિ,
જો જાનની દરકાર તો પૂરી નામ પણ લેતો નહિ."
છોડી દીધી વારાંગનાને ભૂપ મ્હેલ પ્રતિ વળ્યો,
જાણે કઈજ બન્યું નથી ત્યમ પિંગળાને એ મળ્યો.

"વ્હાલી મ્હને શંકા પડે....ખોટું લગાડીશ ના જરી,
ફળ ખાધું કે નહિ ? સ્વાદ કંઇ કે'વો હતો ? કે'તો ખરી ?'
"સાકર સમો શું પૂછવું ? મ્હારાજ એ'માં તે વળી ?
આ'વી નજીવી વાતમાં શંકા ધરો છો શું બળી ?"

"શંકા નથી પણ સત્ય છે સાચું કહી દે સુન્દરી,
નહિ રે'મ—દ્રષ્ટિ હા ! હું દેખાડીશ પાછળથી જરી !"
"વિશ્વાસ મ્હારો શું નથી ? લ્યો તમ ગળે મમ હાથ છે,
એ'માં શું ! લ્યોની ! થયું હવે ? સોગન તમારા નાથ છે."

સમ ખાઈ ખોટા પિંગળા કર કંઠ મુકવા જ્યાં ગઇ,
બે આંખ રાતી ચોળ રાજા ભરથરીની ત્યાં થઇ.
છટકાવી દીધો હાથ છોડયું અમરફળ રૂમાલથી,
" ખાધું પછી આ તેજ મ્હારી પાસ આવ્યું કયાં થકી ?"

જોઈ અમરફળ પિંગળા ક્ષણ ભર અતિ ગુંચવઈ ગઇ,
પણ પાપ નિજનું ઢાંકવા બીજી પળે સાવધ થઇ.
"સાબીતી સ્વામી ! જોઇએ તો આ પડેલી કટાર છે,
પૂછી જુઓ આ દાસીને પ્રત્યક્ષ એ જોનાર છે"

દાસી પ્રતિ નિર્ખી મિંચી છે આંખ રાણીએ જરા !
પણ જીવ વ્હાલો સર્વને ! કો'ને નહિ ? કો'તો ખરા !
છૂટી પડી દાસી "મ્હુને કયારે બતાવ્યું બાઇજી ?
જાણું નહિ હું વાત....બા....શું અમરફૂળ કે'વાયજી ?"

"હાં....રે ! અરે....હાં...હું....ભુલી...તું તો બરાબર નાહ હતી,
મમ સ્નાન-જળ તૈયાર કરવા તે સમય તું ગઇ હતી."
"ન્હાયા વિના શું ખાધું તો ?" "ના....ના....બચ્યું ભૂલી ગઇ,
એતો ગઇ....તી યાદ આવ્યું....હા....બરાબર....ના....નહિ."

પોતાની મેળે પિંગળા પોતે જુઓ ખોટી પડી,
જુઠડું ન જન્મારો ટકે બહુ બહુ ટકે તો બે ઘડી.
" શાનો વિચાર કરે ? સકળ કાયા અરે ! કયમ કંપતી ?
વાચા તુટે છે બોલતાં....ઠેકાણું કે'વામાં નથી."

"ના....ના....અમરફૂળ નાથ એ'વા તો હજારોયે હશે,
કાલે વળી કો લાવશે....શું વ્હેમ કરવો ફાવશે ?
વ્હાલા ! તમારા વિણ બધા ! તે ભાઈ બાપ સમાન છે,
આઠે પ્રહર અંતર વિષે કેવળ તમારૂં ધ્યાન છે."

"કમજાત! દુષ્ટા! પાપિણી! અટકાવ ત્હારૂં બોલવું,
આગળ વધુ ઉચ્ચાર ના તું રાખ મ્હોડું ખોલવું.
એ પાપ ઉજવળ પિંગળા ! ઢાંકયું ન ઢંકાશે હવે,
જ બોલની કિંમત અરે ! કોડી ન અંકાશે હવે"

રાજા ભરથરી

રાજા ભરથરી રાણી પીંગળાને ધીક્કાર આપે છે.



ધિક્કાર નારી માતને .. ધિક્કાર નારી તાતને.
ધિક્કાર નારી જાતને ધિક્કાર નારા નાથને.

જુઓ પાનું ૬૧

પીંગળા રાણીનો પશ્ચાત્તાપ.

જોશી આર્ટ પ્રિંટીંગ વર્કસ, બજારગેટ, કોટ મુંબઈ.

"મ્હારા થકી પાપિષ્ઠ ત્હેં એ અશ્વપાલ વધુ ગણ્યો,
અફસોસ ! સઘળું હું ભણ્યો ! ભાર્યા—ચરિત્ર નહિ ભણ્યો.
પુરો ભરાઇ કુંભ ત્હારા પાપનો ફૂટી ગયો,
ઐશ્વર્ય, સુખને આબરૂ ઓ ! કામ ! તું લૂટી ગયો"

"એ'વું કર્યું છે કામ કે પાણી વિષે ડુબી મરો,
ભારે મરે છે પૃથ્વી ભાર મરી તમે ઓછો કરો.
પારસમણી ધાર્યો હતો ન્હોતી ખબર પત્થર હશે,
ક્યાંથી ખબર આ સ્નેહ સત્યાનાશમાં પલટઈ જશે."

ધિક્કાર ત્હારી માતને...ધિક્કાર ત્હારા તાતને,
ધિક્કાર ત્હારી જાતને...ધિક્કાર ત્હારા નાથને.
ધિક્કાર આ કૂ-ઘાતને...ધિક્કાર ત્હારા સાથને,
ધિક્કાર ત્હારી ભાતને...ધિક્કાર તુજ સંગાથને."

"ઓ ! ઓ ! કલંકીત કામીની ત્હેં કમળમુખ કાળું કર્યું,
મુજ તુજ ઉભયના કૂળમાં કામાંધ ! અજવાળું કર્યું.
બોળ્યું પિતાનાં નામને, લજવી જનેતા કૂખને,
જા....જા....જતી રે'....દૂર....થા....તું બાળ કાળા મૂખને."

"પત્થર પડી તું પેટમાં....ને કૂળમાં અંગાર છે,
હોળી જગાવી હાય ! હૈયામાં ! અરે ! ધિક્કાર છે.
હા ! ભાઈ ! જેવો ! ભાઈ ! વિક્રમ ત્હેં કં'ડાવ્યો દૂર ! હા !
નિર્દોષ ને દોષિત ઠરાવ્યો....નાર ! ઓછી કૂર ના !"

"હીરો ગુમાવ્યો હાથથી...શોધ્યો ફરી મળશે નહિ,
હીરો ગુમાવ્યો હાથથી...શોધો કંઇ વળશે નહિ.
લપટાવી ત્હારા પ્યારમાં હા! આંધળો પણ ત્હેં કર્યો,
દુષ્કૃત્ય-દીપકથી ફરીથી દેખતો પણ ત્હેં કર્યો."

"જ્યાં જ્યાં નજર નાખું....ભર્યો ત્યાં પાપનો ભંડાર છે,
કો'ના સગાં વ્હાલાં વિચારો નાર ને ભરથાર છે?
સાચા હૃદયનો સ્નેહ ના દેખાવનો સૌ પ્યાર છે,
નવનિત નથી સંસારમાં....સંસાર....છેક! અસાર છે."

"વિશ્વાસ! વામાના વચન ને પ્યાર પર કરશો નહિ,
પ્રેમાંધ થઇ પૂરી પરીક્ષા વિણ પગ ભરશો નહિ.
આ જીન્દગી ઝે'રી બનાવે...મુળ આંખો માનજો,
સૌન્દર્ય પર દોડી જતી સંયમ વિષે એ રાખજો."

"સંસારમાં રે'વું નથી સન્યાસ લેવો સર્વથા.
ચાખી મઝા આ પ્રેમની તે પ્રેમની ચાખું મઝા."
પોશાક સર્વ ઉતારીને ભગવાં તને રાયે ધર્યાં,
અંગે ભભૂત લગાવીને વનમાં જવા પગલાં ભર્યાં.

ત્યાં તો પછાડી પિંગળા દોડી અને ચર્ણે પડી,
ભિંજવી દીધાં પગ રાયના પટકૂળ પકડીને રહી.
"દુર્ભાગીની યાચે દયા અપરાધિની હું નાથ છું.
રે! ભલભલા ભૂલ્યાં પતિ! તો કોણુ અબળા જાતી હું?"

"આ વાર જાવા દયો હવે હતભાગિની પગ નહિ ભરે!
ભગવાન પણ પ્હેલી વખતની ભૂલ માફ પતિ! કરે."
પણ વેણ એ અફળાઇ ભિંતે ને નિરર્થક સૌ થયાં,
ભગવા ધર્યાં તે એ ધર્યાં આજે ગયાં તે બસ ગયાં.

રણવાસમાં રાણી રડે, ત્રણસો અને સાઠે તજી,
દરબારમાં સન્યાસી વેશે ભરથરી આવ્યા પછી.
રોતાં સભાજનને નગરજન રાયને વિંટી વળ્યાં,
રાજેન્દ્રને રોતાં કકળતાં સર્વ છેવટનાં મળ્યાં.

આજ્ઞા કરી રાજેન્દ્રએ શાણા સુમન્ત પ્રધાનને,
"વિક્રમ મળે ના! ત્યાં સુધી ચલવો બરાબર રાજને.
શોધી તમે એ વીરને વાકેફ કરજો (આ) વાતથી,
કે'જો કર્યાં છે મૂકત મ્હોટાભાઇએ! અપરાધથી."

"એ નિષ્કલંક વીરને આ રાજ્ય સ્નેહે સોંપજો,
કલ્યાણ! હા! કલ્યાણ! હા! કલ્યાણ સર્વેનું હજો."
રોતાં તજીને રાજવી જંગલ વિષે ચાલ્યાં ગયા,
ગુરૂદેવ ગોરખનાથ ને મચ્છેન્દ્રના દર્શન થયાં."

"દિક્ષા મ્હને આપો પ્રભુ!" રાજા કહી ચરણે પડયો,
હું કોણ? કયાંથી આવવું?" વિસ્તારી હાલ બધો કહ્યો.
બોલ્યા ગુરૂ મચ્છેન્દ્ર "બેટા! બાત તેરી ઠીક હૈ,
લેકિન પિછા તુમ લૌટ જાઓ યેહી મેરી શીખ હૈ."

"યે યોગકા અભ્યાસ ઔર સમાધિ બ્હોત કઠીન હૈ!
ખાના પિના ફલ-મૂલ-જલ પહનેકો યહુ કૌપીન હૈ.
ઉપબાસ ભી કરને પડે....ઔર બૈઠના તડકે શિલે,
દુઃખ બ્હોત હૈ છોટે બડે ખાના મિલે કભી ના મિલે."

"ઋષિરાજ વેઠું સર્વ એ ચાહે પરીક્ષા તે કરો,
દિક્ષા પછી દેજો પ્રથમ ધોકો તમારો જે હરો."

"અચ્છા તભી જા કર પુકારો રાનીકો મૈયા તુમ્હી,
ઔર માંગ કર ભિક્ષા ઈધર આના પિછા બૈઠા હમી."

લઇ એક ચેલો સાથ, યોગી વેશમાં એ નીકળ્યો,
જઇ પિંગળા-મહેલે પ્રથમ પોકાર "મૈયાનો" કર્યો.
બેઠી હતી એ બારીએ નિજ નાથ! રાણી ઓળખ્યાં!
આવી નીચે જળ-બુન્દ લોચન કમળથી ટપકી રહ્યાં.

યોગેન્દ્ર ભર્તૃહરિઃ—ભિક્ષા દેને મૈયા પિંગળા!

પિંગળાઃ—

ધિક્કક! યુવા ધિક્કક! મૂજને....ધિક્કક! કામ વિકારજી,
જેણેરે ભુલાવી મ્હને સત્યથી મૂકી પાપ વિચારજી.
ભેખરે ઉતારો રાજા ભરથરી.

ક્ષમા રે! કરો રાજા રંક હું....નારી અજ્ઞાન જાતજી,
સાથે રહીને સુધારો મ્હને....લજવ્યાં માતને તાતજી.—ભેખરે.

ભતૃહરિ:—

કપટી પાપી રાણી પિંગળા બોલે આ શું વચનજી,
રાજરે ! તજ્યું ત્હારે કારણે....જો વિચારીને મનજી–ભિક્ષા.
તું રે ! ખોટી ખોટું રાજ ને....ખોટો આ સંસારજી,
અલખ જગાવું વને એકલો....જેથી પામું ઉદ્ધારજી-ભિક્ષા.

પિંગળા:—

રો'તો રાજાજી રસોઈ કરૂં....જમતા જાઓ સ્વામી નાથજી,
ક્ષીરરે નિપજાવું ક્ષણ એકમાં....જમીએ આપણે સાથજી.–ભેખરે.
મઢુલી રચાવું રંગ મ્હેલમાં....ને એકાન્ત અવાસજી,
ભાવે ભજો ભગવાનને....સાથે ભોગ વિલાસજી....ભેખરે.

ભતૃહરિ:—

મઢુલી કેવી, ને કેવા મ્હેલ હા! ભોજન, ભોગ, વિલાસજી,
રામ મળે જો રંગ મ્હેલમાં...કોણ....લે....સન્યાસજી–ભિક્ષા.
વાસી જંગલનાં જોગી અમે....ફરતા ફરતી વાસજી,
આજે અહીં ને કાલે કયાં વળી....નહિ ઠેકાણું ખાસજી–ભિક્ષા.

પિંગળા:—

ભભુતી ચોળી ને ભગવા ધરૂં....કો'તો પ્રાણાધારજી.
જોગણ રૂપે રે ! સાથે ફરૂં નવ તરછોડો નારજી.–ભેખરે.
ભગવા દેખી રાજા ભરથરી....દાવાનળ દિલ થાયજી.
મૈયા કહો ન મા'રા કંથજી....લાગે અંગમાં લ્હાયજી–ભેખરે.

ભર્તૃહરિઃ—

વધુ રે ! બોલાવે શું મા ! પિંગળા ! કીધાં કર્મ સંભારજી,
ભાઈ રે ! જેવા મ્હારા ભાઈને ! કરાવ્યો દેશપારજી.
હવે....રે....રાજને મૈયા શું કરૂં !
સુરજ સમો રે ! નિષ્કલંકીત....લઘુ વિક્રમ વિરજી....
કાળું રે ! કલંક પાપી પિંગળા....ઢોળ્યું ત્હેને ત્હેં શિરજી–ભિક્ષા.

પિંગળાઃ—

વાંકી રે ! વિધાતા મ્હને ભૂલવી....લખ્યા લેખ લલાટજી
આ'નું રે પાયશ્ચિત્ત હું રે ? શું કરૂં....માર્ગ આપો
પૃથ્વિ માતજી-ભેખરે.

ભર્તૃહરિઃ—

કર્મે લખેલું ત્યારે ભોગવો....કો'ને દઇએ દોષજી,
કેશવ કરે તે સૌ સારૂં કરે...મન વાળીએ સંતોષજી–ભિક્ષા

પિંગળાઃ—

ત્રણસો ને સાઠ નારી આપની બીજી માલવરાજજી
એકને કારણ તેને નવ તજો....પાપી પિંગળાને કાજજી–ભેખરે.

ભર્તૃહરિઃ—

નૌકા ઝીલે રે ! શણી પાણીમાં....સાત માનવ ભારજી.
વધુરે ! બેસે એકને બૂડે....લાગે વાર ન લગારજી
દોષરે ! કો'ને તેમાં પિંગળા !....
હેતી હોય તો દે મ્હને....નહિ તો કરૂં ગૃહ ત્યાગજી,
ગુરૂજી ભરાશે રોષે માહરા....ચાલી જાય જમાતજી–ભિક્ષા.

મોહ છોડી દે મૈયા પિંગળા ! હવે કર સતસંગજી,
સગું રે ! નથી કોઇ કોઇનું....આ સંસાર પતંગજી-ભિક્ષા.

ગંગા તટે તે રાણી ઘર કરો....ન્હાવો નિરમળ નિરજી,
પ્રેમ-રે વાળો પ્રભુમાં બધો....ત્યાગો અમુલખ ચીરજી-ભિક્ષા.

ભભુતિ ચોળીને ! ઝોળી ભેરવો....કરો કાયા-કલ્યાણજી,
ચિત ને પરોવો પરમાત્મમાં....મળે મોક્ષ ! નિર્વાણજી-ભિક્ષા.

વિષના પ્યાલાં પીધાં પ્રીતિનાં....રાણી રહી સંસારજી,
હવે પી જુઓરે ! પ્રભુ પ્રેમના....અમીરસથી ઉદ્ધારજી-ભિક્ષા.

[હરિગીત]

ભિક્ષા ' લઈ રાજેન્દ્ર રાણી પિંગળાને મ્હેલથી,
ચાલ્યોં બીજાને મ્હેલથી ભિક્ષા લઈ મુશ્કેલથી.
આવાસ ચંદ્રકળા તણે યોગેન્દ્ર જ્યાં આવી રહ્યા,
"ભિક્ષા દીયો મૈયા" પુનઃ પોકાર એનો એ થયો.

રાણી ચંદ્રકળાને મ્હેલે. [રાગ ઉપરનો.]

ભતૃહરિ—

ભિક્ષા દેને મૈયા યોગીને.

સારરે ! જોયો નહિ સંસારમાં....ખોટાં ખલકના ખેલજી,
માયારે મોહોના બધાં મ્હેલ આ....બંધનકર્તા જેલજી;
નાખે જીવોને મોહપાશમાં....

ચંદ્રકળા—

પાણી રે ! ગ્રહણ શાથ કર્યાં પછી....દગો દેવો ન નાથજી,
હજુ તો શૃંગાર, બાળા વેશમાં, લગ્ન-કંકણ હાથજી—શેખરે.
પગલું ભર્યું મ્હેં નથી પ્રેમમાં જોયો નહિ શું સંસારજી?
છેક નમેરા થવું ના ઘટે આંખે આંસુ ધારજી—શેખરે.
પ્રેમનું પગથીઉં નથી ચંડી ત્યાં તો છોડી ન જાવજી,
જનમારો કેમ જશે બધો દયાહીન ન થાવજી—શેખરે.

ભર્તૃહરિ—

હું રે ! હવે યોગી અરણ્યનો મૈયા બ્હેન બધી નારજી.
પાણિ મ્હેં ગ્રહણ પ્રભુથી કર્યું મુખે ૐ ઉચ્ચારજી—ભિક્ષા.
માયા રે ! સાચી નવ માન તું ઝેરી સંસારી લ્હાણજી,
પ્રીતિરે જગતની પિત્તળ ગણો પ્રભુ પ્રેમ હેમ પ્રમાણજી—ભિક્ષા.
સાથે રે ! રહ્યાં લલાટે લખ્યાં પૂરો પૂર્વ સંબંધજી;
પંખી રે ! ઉડે ને મળે કાયા કાચો બંધજી—ભિક્ષા.

(છેવટે હારી રાણી ચંદ્રકળા ભિક્ષા આપે છે. ત્યાંજ પુત્રી કૃષ્ણાકુમારી આવી પિતાને બાઝી પડે છે.)

કૃષ્ણા—બાપૂ ! થોભો ! મ્હારી પણ આટલી ભિક્ષા લેતા જાવ.

— ગાયન —

કૃષ્ણા— પિતાજી ! આ કોપ તમે શો કર્યો,
જોગી વેશ બાપુ ! શીદને ધર્યો.
મરી ગઈ છે માત, વળી જાણો તાત,
પિતા ઓથ કોની છે ઓરમાન માત.

રાજા ભરથરી



પીતાજી ! આ શ્રાપ તમે શા ક્યોં જોગી વેષ આપુ ! શાને ધર્યો ?

જુઓ પાનુ ૧૮.

લડાવશે લાડ પછી મ્હને કોણ ?
પ્યારી પુત્રી ! આવો બા ! કહેશેજ કોણ ?

કુંવારી હું તો છું તમારી સુતા,
વરાવી નથી હજુ તો પિતા.

અસાર સંસાર તમે છો આધાર,
પિતાજી જીવું સંભારી તમ પ્યાર.

નબાપી કરી બાપુ જાશો નહિ,
પિતા પાછળ નહીં જીવું સહી.

ભર્તૃહરિ–બેટા કૃષ્ણા મ્હારી ન દીલગીર થા,
પ્યારી પુત્રી મ્હેલે....તું જા મ્હારી બા.

હવે કૃષ્ણા મુજને ન જાણુ તા'રો બાપ,
જોગી જાણી હવે તું તજી દે વિલાપ.

અશાશ્વત આ દેહ અમંગળ અતિ,
તજી મોહ ભજજે તું ઉમયાપતિ.

એ છે મા'રી શીખ સુતા દીલે આણ,
બીજી વાતો જગતની મિથ્યા પ્રમાણ.

[હરિગીત.]

રડતી તજી કૃષ્ણા સુતા રાજેન્દ્ર એ ચાલ્યો ગયો,
માલવપતિ ભર્તૃહરિ યોગેન્દ્ર એ ચાલ્યો ગયો.
એ માળવાનો ભાગ્ય-ભાનુ આજ હા ! ચાલ્યો ગયો,
રે ! માળવાના ભાગ્યનો સૂર્યાસ્ત જાણે, ના થયો ?

દીક્ષા લઈ ગુરુદેવ પાસે રાજયોગી એ થયો,
ખાધું અમરફળ જે થકી અદ્યાપિ એ જીવતો રહ્યા.
યોગેન્દ્રના સદ્‌બોધથી સુધરી ગઈ એ પિંગળા,
સાધુ જીવન ગાળી પછી સ્વર્ગે સિધાવી પિંગળા.

વિક્રમ મળી આવ્યો સચીવે વાત તેને આ કહી,
સદ્‌ન્યાયપૂર્વક માળવાની ગાદી તેણે ભોગવી.
રાજેન્દ્ર એ ભતૃહરિ ! યોગેન્દ્ર એ ભતૃહરિ !
ભોગી ગણો યોગી વિરાગી રાગી શ્રી ભતૃહરિ !

શૃંગાર નીતિનાં શતક રચનાર શ્રી ભતૃહરિ,
વૈરાગ્યનો અંતિમ શતક રચનાર પણ ભતૃહરિ !
કે'વાય છે આજે હજુ પણ અમર એ ભતૃહરિ,
વંદન નમન માલવપતિ યોગેન્દ્ર રાજા ભરથરી.

કરજોડી કોટી વંદનો કિરતાર તું રચનાર છે,
સર્વજ્ઞ તું અલ્પજ્ઞ બાળક "પુજ્ય" તો હથિયાર છે.
વંદન અનેકાનેક હો ! માલવપતિ રાજેન્દ્રને !
વંદન વિભુને ! વિશ્વને ! દેવેન્દ્રને ! યોગેન્દ્રને !

"કોઈ અમર થશો નહિ."

भतृहरि.

સમાપ્ત.

જળસમાધી.



ચોપાટોના ભયંકર ભેદ જાણવા માટે જરૂર મંગાવી વાંચો "જળસમાધી"

તું કુળ દીપક છે નહિ, પણ કુળમા અંગાર છે
પથ્થર પડ્યાના પેટ કયમ, ધિક્કાર વાર હજાર છે

જોશી આર્ટ પ્રિંટિંગ વર્કસ, બજારગેટ કોટ, મુંબઇ.